RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૦ વૈશાખ સુદ - ૩ — શુક્રવાર, તા.૧૦-૦૫-૨૦૨૪ — અંક : ૧૧૫ — વર્ષ : ૧૯ — jamnagar@aaspassaindia.com — કિંમત રૂ. ૨-૫૦ — પાના - ૮

# ૫ ભારતીય નાવિકોને છોડી મુકતું ઈરાન

**ઈરાને ૧૩ એપ્રિલે ભારતીયો સાથેનું ઈઝરાઈલી જહાજ કબજે કર્યું હતું**

## નાવિકોને મુક્ત કરાતા ભારતીય દૂતાવાસે ઈરાનનો આભાર માન્યો

નવીદિલ્હી,
કેન્દ્રની મોદી સરકારની વિદેશ નીતિ ફરી એકવાર રંગ લાવી છે. ઈરાનમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે, તેહરાન દ્વારા જપ્ત કરવામાં આવેલા ઈઝરાઈલી જહાજમાં સવાર પાંચ ભારતીય ખલાસીઓને ગુરુવારે મુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ હવે ઈરાન છોડીને ચાલ્યા ગયા છે.

ભારતીય દૂતાવાસે તેમની મુક્તિ બદલ ઈરાની અધિકારીઓનો આભાર માન્યો હતો. વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, "એમએસસી મેષમાં સવાર પાંચ ભારતીય ખલાસીઓને આજે સાંજે મુક્ત કરવામાં આવ્યા હતા અને તેઓ ઈરાન છોડીને ચાલ્યા ગયા છે.

ઈરાને ૧૩ એપ્રિલે ૧૭ ભારતીય નાગરિકો સાથે ઈઝરાઈલી માલવાહક જહાજને કબજે કર્યું હતું. ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ નેવીએ હોર્મુઝની સામુદ્રધુની નજીક કન્ટેનર જહાજને કબજે કર્યું હતું. એમએસસી એરીઝ છેલ્લે ૧૨ એપ્રિલના રોજ દુબઈના દરિયાકાંઠે હોર્મુઝની સામુદ્રધુની તરફ જતું હતું. કન્ટેનર શિપને જપ્ત કરવાના પગલે વિદેશ મંત્રી એસ જયશંકરે પોતાના ઈરાની સમકક્ષ હોસિન આમિર-અબ્દોલાહિયન સાથે વાત કરીને ૧૭ ભારતીય ક્રૂ મેમ્બર્સને છોડવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. અમીરબાદોલ્લાહિયને જણાવ્યું હતું કે, "જહાજે ઈરાનના પ્રાદેશિક જળમાં તેનું રડાર બંધ કરી દીધું હતું અને નેવિગેશનની સલામતીને જોખમમાં મૂકી દીધી હતી આથી તેને કબજે કરાયું હતું.

## ચારધામ યાત્રા શરૂ: કેદારનાથ ધામના કપાટ ખુલ્યાં

### બદ્રીનાથ ધામના દ્વાર ૧૨મી મેના રોજ સવારે ૬ વાગ્યે ખોલાશે

નવીદિલ્હી,
આજે શુભ અક્ષય તૃતીયા છે, ઉત્તરાખંડમાં કેદારનાથ ધામના કપાટ વિધી વિધાન સાથે ખોલવામાં આવ્યા છે. અક્ષય તૃતીયાના પાવન અવસર પર ચારધામ યાત્રાનો પ્રારંભ થયો છે.

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે આજે અક્ષય તૃતીયાના શુભ અવસર પર ચારધામ યાત્રા શરૂ થઈ છે, તમામ ભક્તોનું હાર્દિક સ્વાગત અને અભિનંદન. આપ સૌને વિનંતી છે કે મુસાફરી દરમિયાન સ્વચ્છતાનું ખાસ ધ્યાન રાખો અને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળો. અમારી સરકારે ચારધામમાં આવનારા વૃદ્ધો, મહિલાઓ અને બાળકોની સુરક્ષા માટે ખાસ વ્યવસ્થા કરી છે. બદ્રીનાથના કપાટ ખુલવા માટે ભક્તોએ થોડી વધુ રાહ જોવી પડશે. બદ્રીનાથ ધામના દ્વાર રવિવારે ૧૨મી મેના રોજ સવારે ૬ વાગ્યે ખોલવામાં આવશે.



## ભારતે પાકિસ્તાનનું સન્માન કરવું જોઈએ, તેની પાસે પરમાણુ બોમ્બ પણ છે: હવે ઐયરે કર્યો બફાટ

### પિત્રોડા પછી વધુ એક નેતાએ સર્જ્યો વિવાદ : કોંગ્રેસના મણિશંકર ઐયરનું નિવેદન વાયરલ

નવીદિલ્હી,
લોકસભા ચૂંટણી વચ્ચે કોંગ્રેસના પૂર્વ નેતા મણિશંકર ઐયરે કહ્યું છે કે ભારતે પાકિસ્તાનનું સન્માન કરવું જોઈએ. આપણે એ ન ભૂલવું જોઈએ કે તેની પાસે પરમાણુ બોમ્બ પણ છે. જો કોઈ માથાનો ફરેલો આવશે તો તે આપણા પર ઝીકી શકે છે.

ઐયરે એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું - મને સમજાતું નથી કે નરેન્દ્ર મોદી સરકાર શા માટે કહે છે કે અમે પાકિસ્તાન સાથે વાત નહી કરીએ કારણ કે ત્યાં આતંકવાદ છે. ઐયરેનું આ નિવેદન એપ્રિલ ૨૦૨૪નું હોવાનું કહેવાય છે, જે હવે વાયરલ થઈ રહ્યું છે.

તેમણે વધુમાં કહ્યું- એ સમજવું જરૂરી છે કે આતંકવાદને ખતમ કરવા માટે વાતચીત કરવી ખૂબ જ જરૂરી છે. નહીં તો પાકિસ્તાન વિચારશે કે ભારત અહંકારથી અમને દુનિયામાં નાનું દેખાડી રહ્યું છે. આવી સ્થિતિમાં પાકિસ્તાનમાં કોઈ પાગલ ભારત સામે આ બોમ્બનો ઉપયોગ કરી શકે છે. મણિશંકર ઐયર પહેલા ઓવરસીઝ કોંગ્રેસના અધ્યક્ષ રહેલા સામ પિત્રોડાએ પણ ચૂંટણી દરમિયાન બે નિવેદનો આપ્યા હતા, જેનાથી કોંગ્રેસની ઘણી બદનામી થઈ હતી. તેમણે ભારતમાં વારસાગત ટેક્સ લાદવાની વાત કરી હતી.

## ગરમી વચ્ચે છૂટાછવાયા વરસાદની કરાઈ આગાહી

### નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડમાં કમોસમી વરસાદ પડી શકે છે

અમદાવાદ,
ગુજરાતમાં મે મહિનામાં આકરા તાપના કારણે લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ત્યારે આગામી ૧૧થી ૧૫મી મે દરમિયાન રાજયના કેટલાક જિલ્લાઓમાં છૂટાછવાયા વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર, ૧૧મી મેના રોજ નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડમાં કમોસમી વરસાદ પડી શકે છે. જ્યારે ૧૨ અને ૧૩મી મેના રોજ દક્ષિણ ગુજરાતની સાથે સાબરકાંઠા અને અરવલ્લીમાં પણ વરસાદ પડવાની શક્યતા છે. ૧૪મી મેના રોજ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓની સાથે જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, ભાવનગર પણ વરસાદમાં ભીજાઈ શકે છે. આ ઉપરાંત ૧૫મી મેના રોજ નવસારી, તાપી, ડાંગ અને વલસાડમાં છૂટાછવાયા વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

## કેજરીવાલને જામીન આપવા કે નહીં ? SC આજે ચુકાદો સંભળાવશે

**અરવિંદ કેજરીવાલે લિકર પોલિસી કેસમાં તિહાર જેલમાં ૪૦ દિવસ પૂરા કર્યા**

નવીદિલ્હી,
આજે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે લિકર પોલિસી કેસમાં તિહાર જેલમાં ૪૦ દિવસ પૂરા કર્યા છે. સુપ્રીમ કોર્ટ આજે એટલે કે ૧૦ મેના રોજ તેનો ચુકાદો સંભળાવશે કે તેને જામીન આપવામાં આવશે કે નહીં. કેજરીવાલે તેમની ધરપકડ વિરુદ્ધ કરેલી અરજી પર પણ આજે સુનાવણી થશે.

૭ મેના રોજ લંચ પહેલા થયેલી સુનાવણીમાં કોર્ટે કેજરીવાલના જામીનની શરતો નક્કી કરી હતી. કોર્ટે ઈડીને કહ્યું હતું કે ચૂંટણી ચાલી રહી છે અને કેજરીવાલ હાલમાં મુખ્યમંત્રી છે. ચૂંટણી ૫ વર્ષમાં એકવાર આવે છે. આ પછી કોર્ટે કેજરીવાલને કહ્યું કે જો તમને જામીન આપવામાં આવશે તો તમે ઓફિશિયલ ડ્યુટી નહીં કરી શકશો. જો ચૂંટણી ન હોત તો વચગાળાના જામીનનો પ્રશ્ન જ ઉભો ન થાત. જો કે, ૭મી મેના રોજ બેન્ચે કોઈ ચુકાદો આપ્યા વિના મુલતવી રાખી હતી. બેન્ચનું નેતૃત્વ કરી રહેલા જસ્ટિસ સંજીવ ખન્નાએ ૮ મેના રોજ કહ્યું હતું કે અમે શુક્રવારે જામીન પર ચુકાદો આપીશું.

આ પછી ૯ મેના રોજ EDએ કેજરીવાલના જામીનનો વિરોધ કરીને સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી હતી. જેમાં સુપ્રીમ કોર્ટની ચૂંટણીની દલીલ પર ઈડીએ કહ્યું કે કેજરીવાલ ચૂંટણી લડી રહ્યા નથી. આ પહેલા કોઈપણ નેતાને પ્રચાર માટે જ્યુડિશિયલ કસ્ટડીમાંથી જામીન મળ્યા નથી. પ્રચાર એ મૂળભૂત અધિકાર નથી. કેજરીવાલની કાનૂની ટીમે EDની એફિડેવિટ સામે સખત વાંધો વ્યક્ત કર્યો છે.

## મુસ્લિમો માટેની ૪ ટકા અનામત કોઈપણ સંજોગોમાં ચાલુ રહેશે : આંધ્રપ્રદેશના સી.એમ.

નવીદિલ્હી,
આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડીએ કહ્યું કે રાજ્યમાં મુસ્લિમો માટે ૪% અનામત કોઈપણ ભોગે ચાલુ રહેશે. આ અંગે YSRCP કોંગ્રેસનો આ અંતિમ નિર્ણય છે. રેડ્ડીએ કહ્યું, "લઘુમતીઓને અલગ ચશ્માથી જોવા એ નૈતિક રીતે ખોટું છે. YSRCP મુસ્લિમોની ગરિમા અને સન્માનને સમર્થન આપશે. પછી તે અનામત હોય, નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ , સિટિઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ અથવા અન્ય કોઈ બાબત હોય. જગન મોહને અનામતના મુદ્દે ટીડીપી અને ભાજપ પર પણ પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું, "પૂર્વસીએમ ચંદ્રબાબુ નાયડુ એક તરફ, તેઓ ભાજપ સાથે ગઠબંધન કરવા માંગે છે. જે મુસ્લિમ અનામતને ખતમ કરવા માંગે છે. બીજી તરફ, તેઓ લઘુમતી મત મેળવવા માટે તેમની સાથે હોવાનો ઢોંગ કરે છે."

## ભારતમાં પ્રોટો-ઓસ્ટ્રેલિયન તથા મોંગોલિયન વર્ગ જેવા લોકો પણ છે

### સામ પિત્રોડા બાદ કોંગ્રેસના અધીર રંજને કર્યો બફાટ

નવીદિલ્હી,
કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ ગુરુવારે સામ પિત્રોડાની તાજેતરની ટિપ્પણીઓનો બચાવ કરવા જતા બફાટ કરી દીધો છે. પિત્રોડાના ભારતના જુદા જુદા ભાગોની વ્યક્તિઓને વિવિધ વંશીય જૂથો સાથે સરખાવવાના સામ્યતા વિશેના પ્રશ્નોના જવાબમાં અધીર રંજન ચૌધરીએ કહ્યું, "આપણા દેશમાં પ્રોટો-ઓસ્ટ્રેલિયન, મોંગોલિયન વર્ગ જેવા લોકો પણ છે." તેમણે ભારતની વસ્તીની વિવિધતાને અને ભૌગોલિક પરિબળોને કારણે દેખાવમાં વિવિધતા પર ભાર મૂક્યો હતો. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા શેહઝાદ પૂનાવાલાએ કોંગ્રેસ નેતા અધીર રંજનના નિવેદનને વખોડ્યું.

## અમદાવાદની ૨૮થી વધુ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાનો ઈ-મેઈલ પાકિસ્તાનથી થયાનો દાવો

### સેન્ટ્રલ એજન્સીની મદદ લેવામાં આવશે

અમદાવાદ,
ગુજરાતમાં લોકસભા ચૂંટણીના મતદાનના આગલા દિવસે એટલે કે ૬ મેના રોજ અમદાવાદની ૨૮થી વધુ સ્કૂલને બોમ્બથી ઉડાવી દેવાની એક બાદ એક સ્કૂલને ઈ-મેઈલ દ્વારા ધમકી મળી હતી. ધમકીવાળી સ્કૂલો પર પોલીસે જઈ ચેકિંગ કર્યું હતું. બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડે પણ ઘટનાસ્થળે ચેકિંગ કર્યું હતું. જો કે, તપાસમાં પોલીસને કઈ મળ્યું નહોતું. જો કે, આ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઈ-મેઈલ પાકિસ્તાનથી થયા હોવાનો દાવો કર્યો છે. અગાઉ રશિયન ડોમેનનો દાવો કરવામાં આવ્યો હતો.

દિલ્હી અને ગુજરાતમાં સ્કૂલોને ઉડાડી દેવાની ધમકી આપનાર ઈ-મેઈલ મળ્યા બાદ અલગ અલગ એજન્સી દ્વારા તપાસ કરવામાં આવી રહી હતી. જેમાં ખાસ કરીને અમદાવાદમાં ૨૮થી વધુ સ્કૂલોને ઉડાડી દેવાની ધમકી મળ્યા બાદ તપાસ પહેલા પોલીસે કહ્યું હતું કે, આ ઈ-મેઈલ રશિયન ડોમેનથી થયા છે અને હવે આ ઈ-મેઈલ પાકિસ્તાનથી થયા હોવાનું ક્રાઈમ બ્રાન્ચ કહી રહી છે. એક અઠવાડિયામાં આ કેસની તપાસ રશિયાથી પાકિસ્તાન થઈ હોવાની વિગતો સામે આવી છે. હવે આ કેસમાં વધુ મદદ માટે સેન્ટ્રલ એજન્સીની મદદ લેવામાં આવે તેવી પણ વિગતો સામે આવી રહી છે.

## દિલીપ સંઘાણી ઈફકોના ફરી ચેરમેન બન્યા



રાજકોટ,
સૌરાષ્ટ્રના પટેલ નેતા દિલીપ સંઘાણી આજે સતત બીજી વખત ઈફ્કો ના ચેરમેન બનશે તે લગભગ નક્કી હતું અને તેઓ આજે વિધિવત રીતે ફરી ચેરમેન બન્યા છે.

દિલ્હીમાં ગઈકાલે ઈફ્કો ભવન ખાતે કુલ ૨૧ ડિરેક્ટર માટેની ચૂંટણીમાં ૧૪ અગાઉ બિનહરીફ થયા હતા અને ૭ માટેની ચુંટણી થઈ હતી તેમાં એક માત્ર ગુજરાતની બેઠક માટે ભાજપે અમદાવાદના બિપીન પટેલનો મેન્ડેડ આપ્યો હતો. પાર્ટીના આ આદેશ સામે જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડીયાએ ૧૮૦ માં મતદાનમાંથી ૧૧૩ મત મેળવીને વિજયી થયા હતા. કુલ ૧૮૨ મત માંથી ૯૮ મત સૌરાષ્ટ્રના હતા.

## અન્ય સમુદાયોની તુલનામાં મુસ્લિમોમાં સૌથી વધુ પ્રજનન દર

### ભારતની વસ્તીમાં હિન્દુઓની સંખ્યા ૭% ઘટી, મુસ્લિમમાં ૪% વધી



નવીદિલ્હી,
૧૯૫૦ અને ૨૦૧૫ વચ્ચે દેશની વસ્તીમાં હિન્દુઓનું પ્રમાણ ૬.૬૨ ટકા ઘટ્યું છે. જ્યારે આ ગાળામાં મુસ્લિમોની વસ્તી ૪.૨૫ ટકા વધી છે. વડાપ્રધાનના આર્થિક સલાહકાર પરિષદની રિપોર્ટમાં વિગતો સામે આવી છે. દેશમાં ૨૦૧૯-૨૧ દરમિયાન હિંદુઓમાં પ્રજનન દર ૧.૯૪ અને મુસ્લિમોમાં ૨.૩૬ રહ્યો. એટલે કે સરેરાશ દરેક હિંદુ મહિલાને ૨ અને મુસ્લિમ મહિલાઓને ૨થી વધુ બાળકો છે. ૧૯૯૨માં મુસ્લિમોમાં પ્રજનન દર ૪.૪અને હિંદુઓમાં ૩.૩ હતો. આ આંકડા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા નેશનલ હેલ્થ સર્વે રિપોર્ટમાં નોંધાયા છે. દેશમાં એકંદર પ્રજનન દર ઘટીને ૨.૩ પર આવી ગયો છે, જે ૧૯૯૨-૯૩માં ૪.૪ હતો.જો કે, અન્ય સમુદાયોની તુલનામાં, મુસ્લિમોમાં સૌથી વધુ પ્રજનન દર છે. ખ્રિસ્તીઓમાં તે ૧.૮૮ છે, શીખો અને જૈનોમાં તે ૧.૬૧ છે. ૨૦૧૯-૨૧માં ગર્ભનિરોધક માધ્યમોનો ઉપયોગ કરતા મુસ્લિમો વધીને ૪૭.૪% થયા, જે ૨૦૧૫-૧૬માં ૩૭.૯% હતા. ૩૨% મુસ્લિમો માને છે કે ગર્ભનિરોધક વિશે વિચારવું એ સ્ત્રીનું કામ છે, જ્યારે ૩૬% હિન્દુઓ એવું માને છે. ૨૦૧૯-૨૧માં અભણ મુસ્લિમ મહિલાઓની સંખ્યા ઘટીને ૨૧.૯% થઈ છે, જે ૨૦૧૫-૧૬માં ૩૨% હતી. અભણ મહિલાઓમાં સરેરાશ પ્રજનન દર ૨.૮ છે અને ૧૨મું કે તેથી વધુ શિક્ષણ ધરાવતી મહિલાઓમાં ૧.૮ છે.

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે અનેક મહાનુભાવો પદ્મપુરસ્કારથી વિભૂષિત

### પદ્મ પુરસ્કારથી સન્માનિત સમાજ સેવક એસ.રાજન્નાને મળી પીએમ મોદી ભાવુક બન્યા

નવીદિલ્હી,
અભિનેત્રી વૈજયંતિમાલા બાલી અને અભિનેતા ચિરંજીવીને સિનેમામાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ દેશનું બીજુ ઉત્કૃષ્ટ નાગરીક સન્માન પદ્મ વિભુષણથી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ગુરૂવારે સન્માનીત કરાયા હતા. સુપ્રિમ કોર્ટનાં પ્રથમ મહિલા ન્યાયાધીશ (દિવંગત) એમ.ફાતિમા, બીબી 'મૂંબઈ સમાચાર'ના માલિક એચ.એન.કામાને પદ્મ ભુષણથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

આ સાથે જ ભાજપ નેતા ઓ.રાજગોપાલ, લદાખના દિવંગત આધ્યાત્મિક નેતા તોગદાન રિનપોચે અને તમિલ અભિનેતા દિવંગત કેપ્ટન વિજયકાંત (બન્નેને મરણોપરાંત) ગુજરાતી અખબાર જન્મભુમિના સમુહ સંપાદક અને સીઈઓ કુંદન વ્યાસને પણ પદ્મભુષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા. બીવી રિનોચે અને વિજયકાંતના પરિવારનાં સભ્યોએ પુરસ્કાર સ્વીકાર્યો હતો. રાષ્ટ્રપતિ ભવનમાં આયોજીત એક નાગરીક અલંકરણ સમારોહમાં ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને વિદેશમંત્રી એસ.જયશંકર આ પ્રસંગે ઉપસ્થિત હતા.

# ઈફકોમાં ભાજપ જીત્યું, ભાજપ હાર્યું

## ભાજપનો મેન્ડેટ જેને હતો તે બીપીન ગોતા હારી ગયા જ્યારે ઉપરવટ જઈ લડનાર જયેશ રાદડીયા જીતી ગયા

રાજકોટ,

ઈફ્કોના ડિરેક્ટરની પસંદગીમાં ભાજપમાં જ એકમત નહી થતાં ચૂંટણી યોજાઈ છે. આ જંગ ભાજપનો ભાજપ સામે જ જંગ થયો છે. ભાજપે બિપિન ગોતા (પટેલે)ને મેન્ડેટ આપ્યો છે, પરંતુ ભાજપના જ ધારાસભ્ય જયેશ રાદડિયાએ પાર્ટીના મેન્ડેટની ઉપરવટ જઇ પોતાની દાવેદારી કરતાં ચૂંટણીજંગ ખેલાયો હતો. આ ચૂંટણીનુ ગુરૂવારે પરિણામ જાહેર થયું છે,



જેમાં કુલ ૧૮૨ મતમાંથી ૧૮૦ મત પડ્યા હતા. આ ૧૮૦ મતમાંથી જયેશ રાદડિયાને ૧૧૪ મત મળ્યા હતા. જ્યારે તેના નજીકના હરીફ બિપિન ગોતાને ૬૬ મત જ મળ્યા હતા.

૬૦૩૨૪ કરોડનું ટર્નઓવર ધરાવતી ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટિલાઈઝર કો-ઓપરેટિવ લિમિટેડના ડિરેક્ટરપદ માટે ભાજપના સહકારી સેલના પ્રદેશ પ્રમુખ અને અમિત શાહની નિકટના સાથી બિપિન ગોતાએ ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. તેમની સામે કોંગ્રેસ સમર્થિત વિજય ઝાટકિયાએ દાવેદારી કરી હતી. ભાજપના મેન્ડેટ પર ચૂંટણી લડતા બિપિન પટેલ સામે ખેડૂતનેતા તરીકે છાપ ધરાવતા વિઠ્ઠલ રાદડિયાના પુત્ર જયેશ રાદડિયાએ ભાજપ સામે બાંયો ચડાવી પોતાના મતદારોને સાથે રાખી ચૂંટણી લડી હતી. ગુજરાતની એકમાત્ર બેઠક પરના ત્રિપાંખિયા ચૂંટણીજંગમાં ચાર વાગ્યાથી મતગણતરી શરૂ કરવામાં આવી હતી, જેમાં ભાજપના સત્તાવાર ઉમેદવારની સામે ઉમેદવારી કરનારા રાજકોટના સહકારી નેતા જયેશ રાદડિયાની જીત થઈ ગઈ છે.

# બૂથ કેપ્ચરિંગ મામલે મતદાન મથકના ૪ અધિકારી અને બે પોલીસકર્મી થયા સસ્પેન્ડ

## દાહોદ લોકસભા અંતર્ગત આવતા બુથ નંબર ૨૨૦માં ૧૧ મેએ ફરી મતદાન

દાહોદ,

દાહોદ લોકસભા બેઠકના મતવિસ્તારમાં મહીસાગરના સંતરામપુર તાલુકાના પરથમપુર ગામમાં બૂથ કેપ્ચરિંગ મામલે ચૂંટણીપંચે મોટી કાર્યવાહી કરી છે. જિલ્લા ચૂંટણી અધિકારીએ સંતરામપુરના ૨૨૦ નંબરના પરથમપુર ગામના મતદાન મથકના ૪ અધિકારી અને ૨ પોલીસકર્મી સસ્પેન્ડને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે.

દાહોદ લોકસભા બેઠકના એક બુથમાં બુથ કેપ્ચરિંગની ઘટના બની હતી. મહિસાગરના સંતરામપુર તાલુકાના પરથમપુરા ગામના એક બુથ પર ફરી મતદાનનો નિર્મય લેવામાં આવ્યો છે.

દાહોદ લોકસભા અંતર્ગત આવતા બુથ નંબર



૨૨૦માં ફરી મતદાન થશે. ભાજપના નેતા રમેશ ભાભોરના પુત્ર વિજય ભાભોરે બુથ કેપ્ચર કરતા વિવાદ થયો હતો. જિલ્લા ચૂંટણી અધિકારીએ ચૂંટણી પંચને રિપોર્ટ સોપ્યો હતો.

# અમદાવાદમાં ઠગાઈ કેસમાં દંપતિને ૨૫ વર્ષે સજા અને દંડ

અમદાવાદ,

અમદાવાદ શહેરના આશ્રમરોડ પર આવેલી ફેડરલ બેંકમાં ખોટા દસ્તાવેજોના આધારે ૨૫ વર્ષ પહેલા ધિરાણ મેળવીને રૂ. ૮૯ લાખની ઠગાઈ કરવાના કેસમાં મેટ્રોપોલિટન કોર્ટમાં સિનિર સિઝિઝન દંપતીને ૭ વર્ષની સજા અને રૂપિય ૫૦-૫૦ હજાર દંડ ફટકારતો ચુકાદો આપવામાં આવ્યો છે.

કોર્ટે સજા ફટકારતા કહ્યું કે, આરોપીઓએ ફેડરલ બેંકમાંથી ખોટા દસ્તાવેજોના આધારે કેશ ક્રેડિટ –ધિરાણ મેળવીને ગુનો આચર્યો હોવાનું પુરવાર થાય છે. જો તેમની સજા ઓછી કરવામાં આવે તો છેતરપિંડી કરનારાઓને પ્રોત્સાહન મળશે. કડ઼ક સજા કરી સમાજમાં દાખલો બેસાડવો જરૂરી છે.

શહેરના થલતેજ વિસ્તારમાં રહેતા આરોપી દીપક પંડ્યા અને છાયાબેન પંડ્યાએ આશ્રમરોડ પર આવેલી બેંકમાં વર્ષ ૧૯૯૯માં બોગસ દસ્તાવેજોના આધારે ૮૯ લાખની લોન લીધી હતી. જોકે, લોન ન ભરતાં સીઆઈડી ક્રાઈમ દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી. દંપતી વિરૂદ્ધ તપાસ કરી જરૂરી પુરાવા એકત્ર કરી અદાલતમાં ચાર્જસીટ રજૂ કરી હતી. ૧૫ સાક્ષીઓ અને ૯૪ દસ્તાવેજોના આધારે કેસ પુરવાર કરવામાં આવ્યો હતો.

# રાજ્યની ૨૫ આંગડિયા પેઢી પર ૪૦ અધિકારીઓની ટીમના દરોડા

## આંગડિયા પેઢી દ્વારા ખોટા વ્યવહારોની બાતમી મળી હતી : ૧૦ કરોડ, ૧ KG સોનું મળતા ઈન્કમટેક્સની ટીમ તપાસમાં જોડાઈ

અમદાવાદ

રાજ્યભરની અલગ અલગ આંગડિયા પેઢી પર CID ક્રાઈમે દરોડા પાડ્યા હતા. બોગસ એકાઉન્ટ અંગેની ફરિયાદ મળતાં CID ક્રાઈમ દ્વારા અમદાવાદના સીજી રોડ પર આવેલા ઈસ્કોન આર્કેડની અનેક આંગડિયા પેઢી સહિત રાજ્યભરમાં ૨૫થી વધુ જગ્યાઓ પર આંગડિયા પેઢી પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં ૧૦ કરોડ રોકડા અને એક કિલો સોનું મળી આવતા ઈન્કમટેક્સ વિભાગની ટીમ તપાસમાં જોડાઈ હતી. બપોરના સમયથી મોડી સાંજ સુધી દરોડા પાડ્યા હતા. જેમાં પોલીસ દ્વારા સર્ચ કરવામાં આવ્યું હતું.

રાજ્યભરની આંગડિયા પેઢીઓ પર બોગસ એકાઉન્ટ અને પેઢીઓના ખોટા વ્યવહારોની ફરિયાદોને આધારે CID ક્રાઈમે દરોડા પાડ્યા હતા. આ દરોડાને લઈ આંગડિયા પેઢીઓના સંચાલકોમાં ફફડાટ જોવા મળ્યો છે. સમગ્ર રાજ્યમાં ૨૫ જગ્યાઓ પર ૪૦ અધિકારીઓની ટીમ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. અમદાવાદમાં સીજી રોડ પરની એક પઢીમાં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ સમગ્ર રાજ્યમાં દરોડા દરમિયાન ૧૦ કરોડ રિકવર પણ કરાયા છે.

અમદાવાદના સીજી રોડ પર આવેલા ઈસ્કોન આર્કેડમાં અનેક આંગડિયા પેઢી આવેલી છે.

# વડોદરામાં ચૂંટણી દરમિયાન ભાજપના કાર્યકરે મહિલા કોર્પોરેટરની છેડતી કરી

વડોદરા,

લોકસભાની ચૂંટણીમાં મતદાન સમયે ભાજપ કાર્યકરે ભાજપ મહિલા કોર્પોરેટરની છેડતી કર્યાનો વડોદરામાં આક્ષેપ ઉઠ્યો છે. વડોદરાના કમલાનગર ખાતેના બૂથની આ ઘટના છે. જેમાં ભાજપ મહિલા કોર્પોરેટરે પોલીસ કમિશનરને ભાજપ કાર્યકર હિરેન બ્રહ્મભટ્ટ વિરુદ્ધ અરજી આપી છે. ભાજપ મહિલા કોર્પોરેટરે આક્ષેપ કર્યો કે, યુવકે મારો હાથ પકડી અસભ્ય વર્તન કર્યું છે.

ગુજરાતભરમાં ૭ મેના રોજ મતદાન થયુ હતું. જેમાં વડોદરામાં પણ શાંતિથી મતદાન થયુ. આ વચ્ચે કમલાનગર બૂથ પર માહોલ ગરમાયો હતો. આ ઘટના બાદ ભાજપની મહિલા કોર્પોરેટરે બૂથ પર ભાજપના કાર્યકર્તા હિરેન બ્રહ્મભટ્ટ સામે આક્ષેપ કર્યો છે. હિરેન બ્રહ્મભટ્ટ સ્વામી વિવેકાનંદ ગુજરાત સ્ટેટ યૂથ બોર્ડના સેન્ટ્રલ ગુજરાત ઝોનનો ઈન્ચાર્જ તેમજ ભાજપના ઓબીસી મોરચામાં કારોબારી સભ્ય છે. મહિલા કોર્પોરેટરે આક્ષેપ કરતા કહ્યું કે, મલાનગર બૂથ પર ભાજપના મહિલા નેતા અને ભાજપના કાર્યકર વચ્ચે ચકમચ ઝરી હોવાનું સામે આવ્યું છે. વડોદરા શહેરમાં ભાજપના મહિલા કોર્પોરેટર મતદાન પ્રક્રિયા દરમિયાન મતદાન મથકે ગયા હતા અને બુથ એજન્ટ સાથે વાતચીત કરી રહ્યા હતા.

# સુરત : આઈ.ટીના દરોડામાં ૫૦૦ કરોડના હિસાબી ગોટાળા મળ્યા

## ટેક્સટાઈલ ક્ષેત્રે જાણીતા ગ્રૂપનાં ૧૨ સ્થળો પર આવકવેરા વિભાગે કાર્યવાહી કરી

સુરત

સુરતમાં ગઈકાલે આવકવેરા વિભાગે મોટી કાર્યવાહી કરી હતી અને ટેક્સટાઈલ ક્ષેત્રના જાણીતા ઐશ્વર્યા ગ્રૂપના ૫ સ્થળે દરોડા પાડ્યા હતા. ત્યારે હવે આવકવેરા વિભાગે આગળની કાર્યવાહી કરી ઐશ્વર્યા ગ્રૂપના કુલ ૧૨ સ્થળે દરોડાની કામગીરી હાથ ધરી છે. ૧૦૦ થી વધુ અધિકારીઓની અલગ અલગ ટીમ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. પ્રાપ્ત અહેવાલ અનુસાર, અત્યાર સુધી અંદાજે ૫૦૦ કરોડના હિસાબી ગોટાળા મળી આવ્યા છે. સાથે જ મસમોટી રોકડ, ૫ બેંક લોકર્સ અને કરોડોના કિંમતી દાગીના કબજે કરવામાં આવ્યા છે. આ મામલે આઈટી વિભાગ દ્વારા આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં લોકસભાની ચૂંટણી માટે મતદાન પૂર્ણ થતા જ સુરતમાં આવકવેરા વિભાગ હરકતમાં આવ્યું છે અને મોટી કાર્યવાહી કરી છે. ગઈકાલે સુરતમાં ટેક્સટાઈલ ક્ષેત્રના જાણીતા ઐશ્વર્યા ગ્રૂપના ૫ સ્થળે દરોડા પાડ્યા હતા. ૪૦ થી વધુ અધિકારીઓની આવકવેરા વિભાગની ટીમ લગભગ એક સાથે જ ૫ જગ્યાએ આ દરોડા પાડ્યા હતા.

# મુસ્લિમ પરિવારને હજ માટે આખા ગામે મદદ પૂરી પાડી

પાલનપુર,

વિશ્વમાં માનવતાએ સૌથી મોટો ધર્મ અને તેની પ્રતીતિ કરાવતું ગામ એટલે બનાસકાંઠાના પાલનપુર તાલુકાનું રૂપપુરા ગામ જ્યાં કોમી એકતાના દર્શન થાય છે. હિન્દુ સમાજના આ ગામમાં વર્ષોથી એક જ મુસ્લિમ પરિવારનું ઘર છે અને આ મુસ્લિમ પરિવાર સાથે હિન્દુ સમાજના લોકોનો વર્ષોથી એવો ઘરોબો છે કે આજે મુસ્લિમ ધર્મમાં પવિત્ર ગણાતા મક્કા ધામ હજ યાત્રા માટે આ મુસ્લિમ પરિવારને આખા ગામે તમામ મદદ પૂરી પાડી હજ માટે વિદાય આપતા કોમી એકતાના ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.

બનાસકાંઠાના પાલનપુર તાલુકાનું રૂપપુરા ગામ જે સમગ્ર ગામમાં હિન્દુ સમાજના લોકો રહે છે. પરંતુ આ ગામમાં વર્ષોથી એક મુસ્લિમ પરિવાર પણ રૂપપુરા ગામમાં વસવાટ કરી રહ્યું છે. આમ તો એવું જોવા મળતું હોય છે કે હિન્દુ અને મુસ્લિમ સમાજની જ્યારે વાત આવે ત્યારે લોકોનો નજરિયો બદલાઈ જતો હોય છે.

# શિક્ષક તુષાર ભટ્ટની કારમાંથી પોલીસે ૭ લાખ રોકડ જપ્ત કર્યા

## ૧૦ લાખ પાસ કરવા નક્કી કર્યા હતા : ગોધરામાં ફરિયાદ નોંધાઈ

અમદાવાદ,

NEET પરીક્ષા કૌભાંડ કેસમાં પોલીસે તુષાર ભટ્ટ નામના શિક્ષકની કારમાંથી મુદ્દામાલ ઝડપ્યો છે. ૭ લાખ રોકડા અને કારની RC બુક અને મોબાઈલ કબજે કર્યો છે NEET પરીક્ષા કૌભાંડને લઈને મહત્વની અપડેટ સામે આવી છે. પોલીસે તુષાર ભટ્ટ નામના શિક્ષકની કારમાંથી મુદ્દામાલ ઝડપ્યો છે. ૭ લાખ રોકડા અને કારની RC બુક અને મોબાઈલ કબજે કર્યો છે. અત્રે જણાવીએ કે, રવિવારે લેવાયેલી દ્દઈઈની પરીક્ષામાં ઉંચા માર્ક માટે પૈસા નક્કી કરાયા હતાં. જેમાં એક વિદ્યાર્થી દીઠ ૧૦ લાખનો કૌભાંડ નક્કી થયાનો ઘટસ્ફોટ થયો હતો.

ગોધરા સ્થિત જય જલારામ સ્કૂલમાં ફિઝિક્સના શિક્ષક તરીકે તુષાર ભટ્ટ નોકરી કરતો હતો. જે તુષાર ભટ્ટ સહિત ૩ શખ્સો સામે NEETની પરીક્ષામાં કૌભાંડ આચરવાની કોશિશને લઈ ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે

તુષાર ભટ્ટના બે ફોનની તપાસ કરતા એક ફોનમાંથી વ્હોટ્સએપ ચેટ મળી હતી. જેમાં પરશુરામ રોય નામની ચેટમાં ત્રણ ફોટા મળી આવ્યા હતા.

# પ્રેમપ્રકરણમાં યુવાનની હત્યા બાદ મામલો બિચક્યો, હાઈવે ચક્કા જામ

સુરેન્દ્રનગર

ચોટીલા તાલુકાના રાજાવડ ગામના યુવાનની સીમમાંથી સળગેલી હાલતમાં લાશ મળતા ચકચાર મચી જવા પામી છે. મૃતક યુવાનની શંકાસ્પદ હાલતમાં લાશ મળતા મૃતક યુવાનની હત્યાની આશંકા સાથે પરિવારજનો અને સમાજના લોકોએ ન્યાય આપવાની માંગ સાથે ચોટીલા હાઈવે ચક્કાજામ કરતા તંગદીલીનો માહોલ છવાઈ ગયો હતો.

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના રાજાવડ ગામની સીમમાંથી રાજાવડ ગામના જ દીલીપભાઈ મુળાભાઈ વાઘેલાની સળગેલી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. આ બનાવ અંગે જાણ થતાં લીંબડી ડીવાયએસપી તેમજ ચોટીલા પોલીસ ટીમ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને મૃતકની લાશનો કબજો લઈ મોતનું સાચું કારણ જાણવા માટે લાશને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ મોકલવામાં આવી હતી.

આ બનાવમાં સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૃતક યુવાનને દેવસર ગામની સગીરા સાથે પ્રેમસંબંધ હતો.

# ઝઘડિયામાંથી પાકિસ્તાની જાસૂસની ધરપકડ

## ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપ દ્વારા પહોંચાડતો હતો માહિતી



ગાંધીનગર,

ગાંધીનગર સી આઈ ડી ક્રાઈમની ટીમ દ્વારા ભરૂચના ઝઘડિયામાંથી પાકિસ્તાની જાસૂસના આરોપસર એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. આ સમાચાર મળતાની સાથેજ જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સી આઈ ડી ક્રાઈમ પોલીસની ટીમ દ્વારા પકડાયેલ વ્યક્તિએ, મિસાઈલ તથા ડ્રોનની ટેકનોલોજીની મહત્વની માહિતી પાકિસ્તાનને પહોંચાડી હોવાનું સામે આવ્યું છે. ઈસ્લામાબાદ અને કરાંચી સ્થિત પાકિસ્તાની જાસૂસી સંસ્થાને માહિતી હતી. પાકિસ્તાન આર્મીના હેન્ડલરને પણ માહિતી પહોંચાડતો હોવાનું સામે આવ્યું છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વ્હોટ્સએપ દ્વારા પહોંચાડતો હતો માહિતી. પોલીસની ટીમ દ્વારા તેની ધરપકડ કરી આગળની પૂછપરછ સાથે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

# અમદાવાદમાં રાજ્યની પ્રથમ પાસપોર્ટ સેવા વાન ખુલ્લી મૂકાશે

અમદાવાદ

અમદાવાદ શહેરમાં થોડા જ દિવસોમાં પાસપોર્ટ વાન સેવા શરૂ થશે. રાજ્યમાં પ્રથમ વખત આજે અમદાવાદ શહેરમાં પાસપોર્ટ વાનને ગુલબાઈ ટેકરા ખાતે આવેલા રિજનલ પાસપોર્ટ કચેરી ખાતે ખુલ્લી મૂકાશે. અરજદારોને ઓનલાઈન અપોઈન્ટમેન્ટ માટે ઓનલાઈન પાસપોર્ટ સેવા વાનનો વિકલ્પ આપવામાં આવશે.

પાસપોર્ટ સેવા વાનમાં બે ટેબલો લગાવવામાં આવ્યા છે. આ વાનને એસીથી પણ સજ્જ કરવામાં આવ્યું છે. આ વાનની અંદર બે કોમ્પ્યુટર ચાલી શકે અને બે કર્મીઓ બેસી શકે તેવી વ્યવસ્થાઓથી સજ્જ કરાયું છે. ચંદીગઢ સહિતના ઘણા શહેરોમાં સફળતા મળ્યા બાદ અમદાવાદમાં પણ આ સેવા શરૂર થશે.

આ પ્રોજેક્ટને સફળથા મળ્યા બાદ વધુ ૨ વાનને કાર્યરત કરાશે તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આ સુવિધાને પગલે વધતા વેઈટિંગ પિરિયડમાં ઘટાડો જોવા મળશે અને લોકોને ઘર આંગણે આ વ્યવસ્થા થાય તે માટે તેના સમયાંતરે લોકેશનને બદલવાનું પણ જાણવા મળ્યું છે.

# અમદાવાદ શહેરમાં ૩૦ દિવસમાં ૨૬ બિનવારસી મૃતદેહો મળતા ખળભળાટ

અમદાવાદ,

અમદાવાદમાંથી ગત એક મહિનામાં ૨૬ બિનવારસી મૃતદેહ મળી આવ્યા છે. એટલે કે દર ૨૮ કલાકે શહેરના રસ્તા, ફૂટપાથ કે સૂમસામ જગ્યાએથી એક વ્યક્તિનું શબ તેના પરિવાર પહેલાં પોલીસને હાથ આવે છે. આ પોલીસ ચોપડે નોંધાયેલો આંકડો છે. મોટેભાગે મૃતદેહના પરિવાર સાથે સંપર્ક થઈ જાય છે. પણ કેટલાક એવા કિસ્સા બને છે જ્યાં પોલીસ મૃતકના પરિવાર સુધી પહોંચી શકતી નથી.

અમદાવાદ શહેરમાંથી ગત ૧થી ૩૦ એપ્રિલ સુધી ૧૧ વિસ્તારમાંથી ૨૬ બિનવારસી મૃતદેહ પોલીસને મળી આવ્યા હતા. તે પૈકી ૨૦ પુરૂષ તેમજ ૬ મહિલાઓના શબ હતાં. સૂત્રોના જણાવ્યા અનુસાર મોટાભાગે આત્મહત્યા, અકસ્માત અને ટ્રેન સાથે અથડામણ થતાં મૃત્યુ પામેલા વ્યક્તિઓના મૃતદેહ બિનવારસી હાલતમાં મળે છે.

ખાસ કરીને ભિક્ષાવૃત્તિ કરતા, ફૂટપાથ કે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા લોકોના શબ વાલીવારસ વગરના હોય છે. સામાન્ય રીતે જ્યારે કોઈ વ્યક્તિનું નિધન થાય ત્યારે પરિવાર દ્વારા તેમની સામાજિક રીત રીવાજ મુજબ અંતિમવિધિ કરવામાં આવે છે. પરંતુ આ પ્રકારના મૃતદેહ મળ્યા બાદ પ્રથમ તેનું પોસ્ટમોર્ટમ કરી તેને સરકારી દવાખાનાના કોલ્ડ સ્ટોરેજમાં મૂકવામાં આવે છે. બાદમાં પ્રાપ્ત વિગતો સરકારી વેબસાઈટ પર પ્રકાશિત કરી તેમજ આસપાસના વિસ્તારમાં ગુમ થયેલા લોકોની વિગતો એધારે મૃતકના પરિવારનો સંપર્ક કરવામાં આવે છે. તેમ છતાં જ્યારે એક અઠવાડિયા સુધી મૃતકની ઓળખ ન થાય ત્યારે સેવાભાવી સંસ્થા દ્વારા કાયદાકીય રીતે તેના અંતિમ સંસ્કાર કરવામાં આવે છે. મોટે ભાગે મૃતદેહ જ્યાંથી મળી આવ્યો હોય ત્યાંના સ્થાનિકો દ્વારા પોલીસને આ અંગે જાણ કરવામાં આવે છે.

# પીરાણામાં ધાર્મિક સ્થળમાં તોડફોડ કરનાર ૫૦થી વધુ લોકોની પોલીસે કરી ધરપકડ

## કાવતરામાં સામેલ લોકોની વીડિયો મારફતે ઓળખ શરૂ

અમદાવાદ

અમદાવાદ નજીક આવેલા પીરાણા ગામમાં ઈમામશાહ બાવાની દરગાહમાં કેટલીક કબરોને તોડી પાડવામાં આવી હતી. અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા આ મામલે હત્યાની કોશિશ, રાયોટિંગ અને ધાર્મિક લાગણી દુભાયા અંગેની બે ફરિયાદો નોંધી ૫૦થી વધુ લોકોની ધરપકડ કરી છે. પોલીસ દ્વારા આ સમગ્ર કાવતરા મામલે અને આ ઘટનામાં કોણ કોણ વ્યક્તિઓ સામેલ હતા તેને લઈને સીસીટીવી ફૂટેજ તેમજ વીડિયો મારફતે તપાસ શરૂ કરી છે. પીરાણા ખાતે આવેલા ઈમામશાહ દરગાહ ખાતે હાલ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

અમદાવાદ જિલ્લા પોલીસ વડા ઓમ પ્રકાશ જાટે જણાવ્યું હતું કે, પીરાણા ગામમાં આવેલા ધાર્મિક સ્થળ પર કેટલાક લોકો દ્વારા ધાર્મિક જગ્યા તોડવામાં આવી હોવા અંગેની જાણ થઈ હતી. જેથી પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. ૧૦૦થી વધુ લોકોના ટોળા દ્વારા તોડફોડ અને સામ સામે હુલો કરવામાં આવ્યો હતો. જેમાં કેટલાક પોલીસકર્મી પણ ઘાયલ થયા હતા. આ મામલે પોલીસે સ્થળ પરથી જ કેટલાક લોકોની ધરપકડ કરી હતી. જેમની પૂછપરછમાં અનેક લોકોના નામ બહાર આવ્યા છે. પૂછપરછમાં



નામ બહાર આવ્યા તે લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે. સમગ્ર કાવતરામાં સામેલ લોકોની ઓળખ કરવામાં આવી છે. પોલીસના વીડિયો, સોશિયલ મીડિયાના વીડિયો અને સીસીટીવી ફૂટેજ મારફતે લોકોની ઓળખ કરવામાં આવી રહી છે.

# જામનગરમાં ૪૦૦ વર્ષ પૂરાણા પ્રણામી સંપ્રદાયના વિવિધ મંદિરના નવનિર્માણ કાર્યનો શુભારંભ

## આજે અખાત્રીજના શુભ દિને નવું મંદિર નિર્માણ કરવા માટે શિલાન્યાસઃ આચાર્ય પૂ. કૃષ્ણમણીજી મહારાજ અને રાજવી પરિવારના શત્રુશલ્યસિંહ જાડેજા ઉપરાંત મોટી સંખ્યામાં પ્રણામી સંપ્રદાયના અનુયાયીઓની ઉપસ્થિતિ નવા મંદિરનું નિર્માણ કાર્ય પૂર્ણ થતાં ત્રણ વર્ષ જેટલો સમય લાગશે






તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : છોટી કાશી તરીકે ઓળખ ધરાવતા જામનગર શહેરના પૌરાણિક ધર્મસ્થાનો પૈકીના એક એવા ખીજડા મંદિર આવેલા કૃષ્ણ પ્રણામી સંપ્રદાયના ૪૦૦ વર્ષ જૂના નીજ મંદિરના નવ નિર્માણ કાર્યનો આજથી શુભારંભ થયો છે.

જામનગર શહેરમાં ખંભાળિયા નાકા નજીક આવેલા કૃષ્ણ પ્રાંમી સંપ્રદાયના ૫-નવતનપુરીધામ (ખીજડા-મંદિર)ના નીજ મંદિરના નવ નિર્માણ માટે વિગતો આપવા યોજાયેલી પત્રકાર પરિષદમાં સંસ્થાના મુખ્ય ગાદીપતી આચાર્ય પૂ. કૃષ્ણમણીજી મહારાજે જણાવ્યું હતું કે, આશરે ૪૦૦ વર્ષ પહેલા સ્થપાયેલા કૃષ્ણ પ્રણામી સંપ્રદાયના ૫- નવતનપુરીધામ, જે શહેરમાં ખઈજડા મંદિર તરીકે પ્રચલિત છે. તેના નીજ મંદિરના સ્થાને નવા મંદિરનું નિર્માણ કાર્ય તા. ૧૦ મેના સવારથી આરંભાયું છે.

આ શિલાન્યાસ અવસરે નવાનગર સ્ટેટના જામ સાહેબ શત્રુશલ્યસિંહજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ શુભ અવસરે કૃષ્ણ પ્રણામી સંપ્રદાયના મુખ્ય ગાદીપતી પૂ. કૃષ્ણમણીજી મહારાજ, સ્વામી લક્ષ્મણદેવજી, સંસ્થાના ટ્રસ્ટીઓ તેમજ અનુયાયીઓ, દેશ- વિદેશથી આ શુભકાર્યના પ્રારંભે ઉપસ્થિત રહ્યા હતાં.

શહેરમાં રાજાશાહી સમયથી અસ્તિત્વમાં આવેલા આ સંપ્રદાય અને ધર્મસ્થાનની મુખ્યગાદી જામનગરમાં છે અને તેના નીજ મંદિરનું નવ નિર્માણ કાર્ય આરંભાયું હોવાથી ભાવિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આપણા શિલ્પ શાસ્ત્ર મુજબ નાગર શૈલ મુજબ આ ધર્મસ્થાનનું નવ નિર્માણ થશે. આ માટે રાજસ્થાનના લાલ અને ગુલાબી પથ્થરનો ઉપયોગ કરવામાં આવશે. જે જથ્થો અંદાજે દોઢ લાખ ધનફુટનો હશે. આ નવ નિર્મિત ધર્મસ્થાન કલાત્મકતાની સાથે મૂળભૂત સંસ્કૃતિ મુજબનું બને તે માટે વિશેષ કાળજી લેવામાં આવશે અને નવ નિર્માણ કાર્ય પૂર્ણ થવામાં ત્રણ વર્ષ જેટલો સમય લાગશે.

કૃષ્ણ પ્રણામી સંપ્રદાય દેશના તમામ રાજ્યો ઉપરાંત વિધેશોમાં યુ.કે. અમેરિકા, ન્યુઝીલેન્ડ, જાપાન,. ઓસ્ટ્રેલિયા, મીડલ ઈસ્ટ, કેનેડા, ભુતાન, નેપાળ વગેરે દેશામાં પથરાયેલો છે અને ૧૨૦૦ જેટલા મંદિરો આવેલા છે. અને પાંચ કરોડ જેટલા અનુયાયીઓ કૃષ્ણ પ્રણામી સંપ્રદાય સાથે જોડાયેલા છે.

પત્રકાર પરિષદમાં સંસ્થાના મુખ્ય ગાદીપતિ આચાર્ય કૃષ્ણમણીજી મહારાજ, સ્વામી લક્ષ્મદેવજી ઉપરાંત ટ્રસ્ટીઓ શત્રુધ્ન અગ્રવાલ (હૈદ્રાબાદ), મનસુખભાઈ સંઘાણી, ગૌતમભાઈ ઠક્કર (મુંબઈ), શશીબેન મિત્તલ (અમદાવાદ), વૃજેષભાઈ પ્રણામી (મુંબઈ), ડો. જોગીન જોષી, સંસ્થાની શાખાના ડાયરેકટર જી. એલ. તનેજા વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતાં.

## જામનગરમાં પિતા-પુત્ર પર જૂના મનદુ:ખને લઈ ત્રણ શખ્સોનો હુમલો

જામનગર : જામનગરમાં હર્ષદ મિલની ચાલી વિસ્તારમાં રહેતા પર પ્રાંતીય પિતા-પુત્ર પર ગઈકાલે પાડોશી ત્રણ શખ્સોએ લોખંડની ટોમી વડે હુમલો કરી ઈજા પહોંચાડી છે. જેમાં પિતાનું માથું ફાટી ગયું છે, અને માથામાં આઠ ટાંકા લેવા પડ્યા છે. જ્યારે પુત્ર પણ ઘાયલ થયો છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં હર્ષદમિલ ની ચાલીમાં બ્લોક નંબર ૧૦ માં રહેતા રતનભાઈ આરમુગમ મોદલીયાર નામના ૪૮ વર્ષના પરપ્રાંતિય યુવાન અને તેના પુત્ર ઉપર જુની અદાવતનું મનદુઃખ રાખીને પાડોશમાં જ રહેતા હૈદર કૂતબુદ્દીનભાઈ શેખ, સમીર હૈદરભાઈ શેખ અને સરદાર ઉર્ફે દાદો વગેરે ત્રણ શખ્સોએ હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવી છે.

જે પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદીય રતનભાઇ અને આરોપી હૈદર વચ્ચે અગાઉ પણ તકરાર થઈ હતી, અને પરપ્રાંતિય યુવાને જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસમાં આરોપી સામે ફરિયાદ નોંધાવી હતી.

જે ફરિયાદનું મન દુઃખ રાખીને આ હુમલો કરાયાનુ પોલીસમાં જાહેર થયું છે. પોલીસે ત્રણેય આરોપી સામે ગુન્હો નોંધ્યો છે. જ્યારે ફરિયાદી રતનભાઈ ના માથામાં ટોમી ફટકારી હોવાના કારણે માથું ફાટી ગયું છે, અને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં સારવાર લેવી પડી છે, અને માથામાં ૧૦ ટાંકા આવ્યા છે.

## દરેડ ગામે બાઈક ચાલકનું રિક્ષા હડફેટે સારવાર દરમ્યાન મૃત્યુ

જામનગર : જામનગરના દરેડ ગામે એકાદ માસ પહેલાં બનેલા રિક્ષા અને બાઈક વચ્ચેના અકસ્માતમાં બાઈક ચાલક યુવાનનું ગઈકાલે સારવાર દરમ્યાન મૃત્યુ નિપજતા સ્થાનિક પોલીસે અજાણ્યા રિક્ષા ચાલક સામે ગુનો દાખલ કરી તેની શોધખોળ હાથ ધરી આગળની કાર્યવાહી આરંભી હતી.

જામનગરના દરેડ ગામે રાંદલ માતાજીના મંદિર પાસે ગત્ તા. ૦૬—૦૪ના રોજ હોશિયારસિંહ (ઉ. વ. ૪૫) નામનો યુવાન તેનું બાઈક ચલાવી જતો હોય દરમ્યાન ત્યાંથી પસાર થતાં એક અજાણ્યા રીક્ષાચાલકે પોતાનું વાહન પુરઝડપે ચલાવી બાઈક ચાલક હોશિયારસિંહને હડફેટે લેતા તેને શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચી હતી. આથી તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા જામનગરની જી જી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં લાંબી સારવાર બાદ આ યુવાનનું મૃત્યુ નિપજ્યું હતું. બીજી તરફ આ બનાવ અંગે સંજયભાઈ વિરાણીની ફરિયાદ પરથી પંચ બી પોલીસે અજાણ્યા રિક્ષા ચાલક સામે આઈપીસી ૩૦૪ (અ) સહિતની જુદી જુદી કલમ હેઠળ ગુનો દાખલ કરી રિક્ષા ચાલકની શોધખોળ આરંભી છે.

## જામનગર અને દરેડના યુવાનનું હદયરોગના હુમલાથી મૃત્યુ

જામનગર : જામનગર શહેર અને દરેડ ઔદ્યોગિક વિસ્તારમાં રહેતાં બે પરપ્રાંતિય યુવાનના હદયરોગના હુમલાથી મૃત્યુ નિપજયાના બનાવ નોંધાયા છે. ત્યારે બન્ને બનાવ અંગે સ્થાનિક પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી કાર્યવાહી આરંભી હતી.

પ્રથમ બનાવની પ્રાપ્ત વિગત મુજબ જામનગર શહેરમાં સરલાબેન ત્રિવેદી ભવન જે સરૂ સેક્શન રોડ પર આવેલ હોય, તેમાં રહેતાં બંગાળી યુવાન પ્રાસુ સીમ (ઉ.વ. ૨૭) નામના યુવાનનું અગમ્ય કારણસર મૃત્યુ નિપજતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતક યુવાન પોતાના ઘરે સૂતો હોય અને સવારે તેના માતાએ ઉઠાડતા ઉઠેલ નહીં. જેથી તાત્કાલિક જામનગરની જી જી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના ડોકટરે મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે સિટી સી ડિવિઝન પોલીસમાં મહાદેવ સોમ દ્વારા જાણ કરવામાં આવતાં સ્થાનિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જયારે જામનગરના દરેડમાં ઔદ્યોગિક વિસ્તારમાં આવેલ તુષારભાઈ પટેલના કારખાનામાં કુંવરસિંહ જગરામસિંહ જાટવ નામનો ૩૬ વર્ષનો યુવાન મોડીરાત્રિના સૂતો હોય અને દરમ્યાન સવારના ચારેક વાગ્યે તેને જગાડતા જાગેલ નહીં. તેથી બેભાન હાલતમાં જામનગરની જી જી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના ડોકટરે તપાસી મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે પંચકોશી બી ડિવિઝનમાં મૃતકના પત્ની રીનાબેન જાટવ દ્વારા જાણ કરવામાં આવતાં સ્થાનિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જામનગરમાં સગીરને કામે રાખનાર સ્પાના સંચાલક અને મલિક સામે ગુનો નોંધાયો

જામનગર : જામનગરમાં પંચવટી રોડ પર ભૂતિયા બંગલા સામે આવેલી એક બહુમાળી ઈમારતમા ચાલતા સ્પામાં સગીરવયનો બાળક કામ કરતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો, અને બાળમજૂરી કરી રહેલા બાળકને મુક્ત કરવ્યો હતો. જ્યારે સ્પાના માલિક અને સંચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

જામનગરના પોલીસના એ.એચ.ટી.યુ. વિભાગના ઇન્સ્પેકટર એન.ડી. સોલંકી અને તેમના સ્ટાફને ચોક્કસ માહિતી મળી હતી, કે જામનગરમાં પંચવટી રોડ પર આવેલા ઓશિયાનિક સોલિટીર બિલ્ડીંગના પહેલા માળે આવેલા ગોલ્ડન સ્પામાં નાના બાળકને કામે રાખીને બાળમજૂરી કરાવી શારીરિક તેમજ આર્થિક શોષણ કરવામાં આવે છે.

જેથી ઘટનાસ્થળે દરોડો પાડયો હતો.

જ્યાં સગીર બાળક કામ કરી રહેલો મળી આવ્યો હતો. જેથી પોલીસ ટીમે બાળકના વાલીને સ્થળ પર બોલાવી તેનો કબજો વાલીને સોંપી દઇ ફરીથી બાળકને કામે નહીં મોકલવા સૂચન કર્યું હતું.

ઉપરાંત સ્પા માલિક અને સંચાલક રાજકોટના કેતન ભુપતભાઈ ચોટલીયા અને મનીષ રમણીક લાલ પટેલ સામે જુવેનાઇલ જસ્ટિસ એક્ટની કલમ મુજબ કાર્યવાહી કરવામાં આવી છે. જોકે બંને આરોપી હાજર મળી આવ્યા નથી, જેઓની શોધખોળ ચલાવવામાં આવી રહી છે.

આ કામગીરી પોલીસ ઈન્સ્પેકટર એન.ડી. સોલંકી તેમજ સ્ટાફના એએસઆઈ રણમલભાઈ ગઢવી, રાજદિપસિંહ ઝાલા, ભઈલુભા જાડેજા, કિરણબેન મેરાણી, અને ભાવનાબેન સાબડીયા વગેરે કરી હતી.

## જામજોધપુરમાં પ્રસંગમાં ગયેલા વેપારીનો મોબાઈલ ફોન ચોરાયો

જામનગર : જામજોધપુરમાં રહેતા એક વેપારી તાજેતરમાં એક પ્રસંગમાં હાજરી આપવા માટે ગયા હતા, જ્યાં તેમનાં ખિસ્સામાંથી મોબાઇલ ફોન ચોરી થઈ ગયા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

જામજોધપુરમાં ચિત્રકૂટ સોસાયટીમાં રહેતા અને વેપાર કરતાં રસિકભાઈ કણસાગરા, કે જેઓ થોડા દિવસો પહેલાં બાલવા રોડ પર આવેલા એક પાર્ટી પ્લોટ માં પ્રસંગ હોવાથી તેમાં હાજરી આપવા માટે ગયા હતા. જે દરમિયાન તેઓના ખિસ્સામાં રાખેલો રૂપિયા ૨૫,૦૦૦ ની કિંમત નો મોબાઈલ ફોન ગાયબ થઈ ગયો હતો. જે મામલે જામજોધપુર પોલીસમાં તેના પુત્ર હર્ષ રસિકભાઈએ ફરિયાદ નોંધાવી છે.

## જામનગર નજીક દરેડમાં રિક્ષા છકડા અને બાઈક વચ્ચે અકસ્માતમાં યુવાનનો ભોગ લેવાયો

જામનગર : જામનગર નજીક દરેડ વિસ્તારમાં ગઈકાલે સાંજે બાઈક અને રીક્ષા છકડા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં બાઈક સવાર પર પ્રાંતિય યુવાનનો ભોગ લેવાયો છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગર નજીક દરેડ વિસ્તારમાં રાંદલ માતાજીના મંદિર પાસે હાઈવે રોડ પર પુરઝડપે આવી રહેલા એક અજાણ્યા રીક્ષા છકડાના ચાલકે એક બાઈકને હડફેટમાં લઈ લેતાં અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં બાઈક સવાર જામનગર માં રહેતા હોશિયારસિંહ જુલ્ફીકાર હીરા નામના ૪૫ વર્ષના પરપ્રાંતિય શ્રમિક યુવાનને ગંભીર ઇજા થઈ હોવાથી તેનું ઘટના સ્થળે કરુણ મૃત્યુ નીપજ્યું છે.

આ અકસ્માતના બનાવ અંગે મૃતકના મિત્ર સંજય દેવરાજભાઈ વિરાણીએ પોલીસને જાણ કરતાં પંચકોશી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફે ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહ નો કબજો સંભાળ્યો છે, અને અકસ્માત સર્જનાર અજાણ્યા રીક્ષા ચાલક ની શોધખોળ હાથ ધરી છે.

## જામનગરમાં ઉછીના લીધેલ પૈસાની લેતીદેતી પ્રશ્ને યુવાન પર છરી વડે હુમલો

જામનગર : જામનગરના ગાંધીનગર નજીકના પુનીતનગરમાં ગત મંગળવારે પૈસાની ઉઘરાણી બાબતે એક યુવાન પર છરી વડે હુમલો કરાયો હતો. આ બનાવ અંગે ઈજાગ્રસ્ત દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે.

જામનગરના રાંદલનગર વિસ્તારમાં રહેતા રાજેન્દ્રસિંહ દીપસિંહ જાડેજા નામના યુવાન મંગળવારે સાંજે ગાંધીનગર નજીક પુનીતનગરમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે પટેલકોલોનીમાં રહેતા યોગીરાજસિંહ જેઠવા તેમને મળ્યા હતા. આ શખ્સે એકાદ વર્ષ પહેલા રૂ. ૧૦ હજાર રાજેન્દ્રસિંહને હાથ ઉછીના આપ્યા હતા. ઉપરોક્ત રકમ પરત મંગાતા રાજેન્દ્રસિંહે થોડા દિવસમાં પૈસા આપી દેવાનું કહેતા ઉશ્કેરાયેલા યોગીરાજે છરીથી હુમલો કરી પેટમાં તથા પડખામાં ઘા ઝીંકી દીધા હતા. આથી રાજેન્દ્રસિંહને હોસ્પિટલમા દાખલ કરવામાં આવ્યા હતા.જયા તેમણે ગઈકાલે રાત્રે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

## ભીમરાણા ગામે ટ્રક અને પીકઅપ વાહન વચ્ચે અકસ્માતમાં બે વ્યક્તિ ઈજાગ્રસ્ત



તસવીરઃ રાકેશ સામાણી

દ્વારકા નજીક આવેલા ભીમરાણા ગામના પુલ પરથી પસાર થતાં એક ટ્રક અને પીકઅપ વાહન વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકના આગળના ભાગે નહીંવત અને પીકઅપ વાહનનો બૂકડો બોલી ગયો હતો. ઉપરાંત આ બનાવમાં બે વ્યકિતને નાની મોટી ઈજા પહોંચતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા નજીકની સરકારી હોસ્પિટલ ખાતે સારવારમાં ખસેડાયા હતા. બીજી તરફ જાણ થતાં સ્થાનિક પોલીસે સ્થળ પર દોડી જઈ જરૂરી કાર્યવાહી આરંભી હતી.

## હાડાટોડા ગામે ઝેરી દવા પી ગરાસિયા યુવાનની આત્મહત્યા

જામનગર : ધ્રોલના હાડાટોડા ગામે રહેતાં ગરાસિયા યુવાને ઝેરી દવા પી જિંદગી ટૂંકાવી લેતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બીજી તરફ આ સમગ્ર બનાવ અંગે સ્થાનિક પોલીસે આગળની કાર્યવાહી આરંભી છે.

આ બનાવ અંગેની પ્રાપ્ત વિગત મુજબ ધ્રોલ ગામના હાડાટોડા ગામે રહેતા વિજયસિંહ મનુભા જાડેજા નામના ૩૫ વર્ષના ગરાસિયા યુવાને પોતાની વાડીએ ઝેરી દવા પી લેતાં પ્રથમ ધ્રોલની અને બાદમાં વધુ સારવાર અર્થે જામનગરની સરકારી જી જી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ. જ્યાં તેને ફરજ પરના ડોકટરે મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે ધ્રોલ પોલીસ મથકે મૃતકના ભાઈ જગદિશસિંહ જાડેજાએ જાણ કરતાં હે.કો. કે. ડી. કામરિયાએ સ્થળ પર દોડી જઈ આગળની કાર્યવાહી આરંભી હતી. મૃતક વિજયસિંહ જાડેજાને કૌટુંબિક સમસ્યા હોય જેના કારણે આત્મહત્યા કરી લીધાનું હાલ તો પ્રાથમિક જણાવાયું છે.

## જામનગરમાં સી.એ.ની સંસ્થા દ્વારા આજથી ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

જામનગર : જામનગર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની સંસ્થા દ્વારા ધ આઈ. સી. એ. આઈ. હારમની લીગ (ક્રિકેટ ટૂર્નામેન્ટ) તા. ૧૦થી તા. ૧૨ મે ૨૦૨૪ સુધી જામનગરમાં આવેલ સુમેર સ્પોર્ટ્સ ક્લબ ગ્રાઉન્ડ પર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સરકારી, અર્ધ સરકારી, સંસ્થાઓ અને એસોસીએશનની અંદાજે ૧૨ ટીમો ભાગ લેશે. આ મેચ સાંજે ૬ થી રાત્રિના ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે.

આ ટુર્નામેન્ટ ડિજિટલ ટેક્નોલોજી અવેરનેસના ભાગરૂપે આયોજિત કરવામાં આવી છે. જેમાં આ ટુર્નામેન્ટને રોમાંચક બનાવવા માટે જામનગર બ્રાન્ચના - ચેરમેન સીએ પ્રિતેશ મહેતા, વાઈસ ચેરમેન સીએ હરદીપસિંહ જાડેજા, સેક્રેટરી સીએ મહમદ સફી કુરેશી, ખજાનચી સીએ જયદીપ રાયમંગિયા, અને ઈમિજીએટ પાસ્ટ ચેરમેન સીએ. પ્રતિક ચાંદ્રા તથા સંયોજકો તરીકે સીએ અંકુર દોશી, સીએ હેમલ મહેતા, સીએ પાર્શ્વ મહેતા, સીએ આદિત્ય ત્રિવેદી તથા અન્ય સીએ અને સીએના વિદ્યાર્થીઓ, સ્વયંસેવકો સફળતા માટે જહેમત ઉઠાવી રહ્યા છે સંપૂર્ણ ખેલદિલી ઉત્સાહ અને ભાઈચારા ના ઉત્કૃષ્ટ ઉદાહરણ ના ભાગરૂપે આ લીગ આયોજન કરવામાં આવેલ તેમ મહમદ સફી કુરેશી દ્વારા જણાવવામાં આવ્યું છે.

## યાત્રાધામ દ્વારકાની ગોમતી નદીના કુદરતી સ્વીમીંગ પૂલમાં ધૂબાકા મારતા સ્થાનિકો




તસવીરઃ રાકેશ સામાણી

હાલ સમસ્ત સૌરાષ્ટ્ર તેમજ સમગ્ર ગુજરાતમાં અસહય ગરમી પડી રહી છે. ખાસ કરીને છેલ્લા બે -ત્રણ દિવસથી તાપમાનનો પારો ૪૦ ડિગ્રીની આસપાસ રહેવા લાગ્યો છે. ત્યારે લોકો ગરમીથી ઉકળાઈ ઉઠયા છે ત્યારે ગરમીથી રાહત મેળવવા કુદરતી સ્વીમીંગ પૂલ એવા દ્વારકાની ગોમતી નદીમાં બપોરના સમયે દ્વારકાવાસીઓ તેમજ યાત્રિકો પરિવાર સહિત ગોમતી નદીમાં ડૂબકી લગાવી રહયા છે. જેમાં ખાસ કરીને યુવા વર્ગ સ્વીમીંગ પુલની જેમ ગોમતી ઘાટે છલાંગો લગાવી રહયા છે.

## અવસાન નોંધ

**જામનગર :** જામ રાવલ નિવાસી હાલ જામનગર મગનલાલ હંસરાજભાઈ દતાણી (ઉ.વ. ૭૭) તે ધર્મેશભાઈ, પ્રિતેશભાઈ (એડવોકેટ) તેમજ રશ્મિતાબેનના પિતા તેમજ સ્વ. રતિલાલભાઈના નાનાભાઈ ત્થા તુલસીભાઈ, મનસુખભાઈ ગોરધનભાઈ અને ભાઈલાલભાઈના મોટાભાઈ તા. ૯-૫-૨૦૨૪ ને ગુરૂવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદ્ગતની પ્રાર્થના સભા તા. ૧૦-૦૫-૨૦૨૪ ને શુક્રવારના રોજ સાંજે ૫:૦૦ થી ૫:૩૦ પાબારી હોલ, તળાવની પાળ, જામનગર ખાતે ભાઈઓ તથા બહેનો માટે રાખેલ છે.સાદડી સાથે રાખેલ છે.

**જામનગર :** ઋષિકેશભાઈ અરૂણરાય છાયા (નિવૃત્ત મ્જીદ્ગન) તે મંદાકિનીબેન ના પતિશ્રી, કલરવ અને પાર્થ ના પપ્પા નું તા.૯/૫/૨૦૨૪ ને ગુરુવાર ના દુઃખદ અવસાન થયેલ છે. સદગત ની પ્રાર્થના સભા પાબારી હૉલ, તળાવ ની પાળ, જામનગર તા. ૧૧/૦૫/૨૦૨૪ ને શનિવાર ના રોજ સાંજે ૫:૦૦ થી ૫.૩૦ વાગ્યે રાખેલ છે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## ઈરાને અમેરિકન પ્રતિબંધોની એસીતેસી કરી

વિશ્વ મતનીની વિરુદ્ધ જઈને ઈરાને પોતાના પરમાણુ કાર્યક્રમો ચાલુ રાખ્યા ઉપરાંત મધ્ય પૂર્વ ની અંદર તેને અન્ય દેશો પર હુમલાઓ કર્યા અમેરિકા સાથે સીધી દુશ્માવત કરી હતી અમેરિકાએ તેના પર પ્રતિ મૂક્યા આમ છતાં ઈરાન અનેક દેશોમાં પોતાનું ઓઇલ વેચી રહ્યું છે આમ તેને અમેરિકાના પ્રતિબંધોની એસીતેસી કરીને પોતાનો વ્યાપાર ચાલુ રાખ્યો છે.

ત્યાર બાદ ઈરાન પર ઓઇલની નિકાસ માટે કડક પ્રતિબંધો મૂકવા માટે અરજીઓ કરવામાં આવી હતી. ઓઇલની નિકાસ ઈરાનની અર્થવ્યવસ્થાનું કેન્દ્રબિંદુ છે. ઈરાનના કસ્ટમ પ્રમુખના કહેવા પ્રમાણે, ઈરાન વિરુદ્ધ લેવાયેલાં પગલાં છતાં પણ ઈરાને વર્ષ ૨૦૨૪ના પહેલાં ત્રણ મહિનામાં ૩૫.૬ અબજ ડોલરની કિંમતના ઓઇલની નિકાસ કરી હતી. આ આંકડો છેલ્લાં છ વર્ષમાં સૌથી ઊંચો છે.જોકે, સવાલ એ છે કે ઈરાન પર આટલા પ્રતિબંધો હોવા છતાં ઓઇલની નિકાસ કરીને નફો કેવી રીતે કરી રહ્યું છે.આ સવાલનો જવાબ ઈરાન પાસેથી સૌથી વધારે ઓઇલ ખરીદનાર ચીન કેવી રીતે વેપાર કરે છે તેની સાથે સંકળાયેલ છે.

અમેરિકાની હાઉસ ફાઇનેન્શિયલ કમેટીના રિપોર્ટ પ્રમાણે, ઈરાનની નિકાસનો ૮૦ ટકા ભાગ ચીનમાં જાય છે. ચીન ઈરાન પાસેથી દરરોજ ૧૫ લાખ બેરલ ઓઇલ ખરીદે છે.કીટલી જેવી દેખાતી હતી, જેમાં માત્ર પ્રાથમિક સુવિધાઓ હતી. આ રિફાઇનરીઓ મોટે ભાગે બેઇજિંગના દક્ષિણ-પૂર્વે આવેલા શેડોંગ વિસ્તારમાં હતી. આ કારણે તેને ટીપોટ્સ કહે છે.

આ નાની રિફાઇનરીઓ ચીનની સરકારી કંપનીઓની તુલનામાં ઓછી જોખમી છે. કારણ કે, મોટી કંપનીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરે છે અને તેમને અમેરિકાના ફાઇનાન્શિયલ સિસ્ટમના એક્સેસની જરૂર પડે છે. "નાની રિફાઇનરીઓ ન તો વિદેશમાં વેપાર કરે છે, ના તેમને ડોલરની જરૂર હોય છે. આ કારણે તેમની વિદેશી ફંડિંગની એક્સેસની પણ જરૂર નથી."નિકોલાડેઝે જણાવ્યું, "ઓઇલ ટેન્કરોને વિશ્વભરના મહાસાગરોમાં સોફ્ટવેર થકી ટ્રેક કરવામાં આવે છે. ટ્રેકર વડે ટેન્કરની લોકેશન, સ્પીડ અને રસ્તા પર પણ નજર રાખવામા આવે છે."

આ ટ્રેકિંગ સિસ્ટમથી બચવા માટે ઈરાન અને ચીને ટેન્કરોનું એક નેટવર્ક તૈયાર કર્યું છે, આ ટેન્કરોની સાચી લોકેશનની જાણકારી મળતી નથી.

આ સિસ્ટમ પશ્ચિમના ટેન્કરો, શિપિંગ સેવાઓ અને બ્રોકરેજ સેવાને બાયપાસ કરે છે. આ રીતે ચીનને પ્રતિબંધો ઉપરાંત પશ્ચિમી દેશના નિયમોને પાલન કરવાની જરૂર પડતી નથી.

માનવામાં આવે છે કે આ ફ્લીટ્સને શિપથી શિપ ટ્રાન્સફર કરવામાં આવે છે અને તે ચીન સાથે આંતરરાષ્ટ્રીય સમુદ્ર વિસ્તારમાં જ કરવામાં આવે છે, પરંતુ નક્કી કરેલા ટ્રાન્સફર ઝોનની બહાર થાય છે. આ ટ્રાન્સફર કેટલીક વખત ખરાબ વાતાવરણ દરમિયાન કરવામાં આવે છે જેથી કરીને લોકેશનને છુપાવી શકાય. આ રીતે ચીનમાં ઓઇલ કેવી રીતે પહોંચ્યું તે વિશે જાણકારી મેળવવી મુશ્કેલ છે. આ ટ્રાન્સફર સામાન્ય રીતે દક્ષિણ-પૂર્વ એશિયાની જળ સીમામાં થાય છે. "સિંગાપુર અને મલેશિયાની પૂર્વે એક વિસ્તાર છે, જે ઐતિહાસિક રૂપે એવું સ્થળ રહ્યું છે, ઐતિહાસિક રૂપે ત્યાં ખૂબ જ મોટી સંખ્યામા ટેન્કરો આવે છે અને માલની ટ્રાન્સફર છે."

માઇયા નિકોલાડેઝે જણાવ્યું કે પશ્ચિમી દેશો દ્વારા મોનિટર કરનારી આંતરરાષ્ટ્રીય નાણાકીય સિસ્ટમનો ઉપયોગ કરવાને બદલે ઈરાન અને ચીન વચ્ચે લેવડ-દેવડ ચીનની નાની બેન્કો થકી કરવામાં આવે છે.

"ચીન ઈરાની ક્રૂડ ઓઇલની ખરીદીને જોડાયેલા જોખમોને વિશે સારી રીતે જાણે છે. ચીન આ કારણે આ પ્રકારની લેવડ-દેવડ માટે પોતાની મહત્ત્વપૂર્ણ બેન્કોને સામેલ કરવા માંગતું નથી. ચીન નાની બેન્કોનો ઉપયોગ કરે છે, જે બેન્કનો આંતરરાષ્ટ્રીય જોખમ નથી."

ડોલરવાળી નાણાકીય પ્રણાલીથી બચવા માટે ઈરાનને ક્રૂડ ઓઇલ માટે ચુકવણી ચીનની મુદ્રામાં કરવામાં આવે છે.

# ચિરંજીવ છે ભગવાન પરશુરામ



## આજે અક્ષયતૃતીયા, ભગવાન પરશુરામનો જન્મોત્સવ

વિશેષ

પરશુરામ વિષે વિચારતા પહેલા તેમના પિતા જમદગ્નિનાં પિતા ઋચિકનાં સમયનું અથવા તેનાથી પણ થોડુંક આગળનું વિચારવું પડે. ઋચિક ભાર્ગવ વંશનાં હતા. એક સમયે ફરતા ફરતા વિશ્વામિત્રના આશ્રમ નજીક પહોચ્યા. સત્યવતીની નજર ઋચિક પર પડી. પૂર્વે સત્યવતી એ ઋચિક વિષે જાણેલું હતું. સત્યવતીને તેના માટે અતિ આદર હતો, તેથી દ્રષ્ટિ મળતા પરણવા વિચાર થયો. ગાધીરાજ ને આ બાબતની ખબર પડી ત્યારે તેમને અત્યંત આનંદ થયો. ઋચિકને પણ લાગ્યુંકે આ સબંધથી સંસ્કૃતિનું કાર્ય કરવાની અનુકુળતા વધશે. સંસ્કૃતિના કાર્ય માટે ઋચિકે સામાજિક સબંધનો આશ્રય લેવાનું વિચારી સત્યવતી સાથે પરણ્યા. સત્યવતીને પુત્ર થયો. તેનું નામ જમદ્રની જે સ્વભાવે તામસ અને યુદ્ધકળા જાણવા વાળાં થયા. નર્મદા કિનારે રહેતા લોકોને આકર્ષીને મોટી વસાહત ઉભીકરી. જમદગ્નિને પાચ પુત્રો થયા. વસુમન, વસુ, સુષેણ, વિધાવસુ અને રામ. રામ ક્ષાત્રતેજવાળાં તેમનો જન્મ અખાત્રીજ નાં શુભ દિવસે થયેલો. તે જન્મ થીજ શુરવીર, યુદ્ધ કલાના શોખ વાળાં, બુદ્ધિ શાળી અને સુંદર હતા.

### માતૃ-પિતૃ ભક્ત પરશુરામ

પુરાણોમાં દર્શાવ્યા પ્રમાણે પરશુરામ નાં માતા રેણુકા આશ્રમ બાજુમાં વિહરતા હતા. તેસમયે તેમણે ગંધર્વરાજ ચિત્રાંગદ અને ચિત્રરથ ને પોત પોતાની પત્નીઓ જોડે જલક્રીડા કરતા જોયા. મનમાં વિકૃતિ ઉત્પન્ન થઈ. બ્રામણ પત્નીના મનમાં આવા કામુક વિચાર ને માનસિક વ્યભિચાર માનીને પતિ જમદગ્નિ નો પુણ્ય પ્રકોપ ભભૂકી ઉઠ્યો. તે સમયે હાજર ચાર પુત્રો ને વારાફરતી તેમની માતાનો શિરચ્છેદ કરવા આજ્ઞાકરી પરંતુ પુત્રો પોતાની માતાને મારવા તૈયાર નથયા. તેથી ઋષિએ ક્રોધાવેશમાં ચારેય પુત્રોની હત્યા કરીનાખી. ત્યારબાદ પાંચમો પુત્ર રામ આશ્રમમાં પ્રવેશ્યો. પિતાએ આજ્ઞા કરી 'તારી માતાનો શિરચ્છેદ કરો' રામે પિતાની આજ્ઞા નું પાલન કર્યું. પિતાએ ખુશ થઈ વરદાન માગવા કહ્યું. ત્યારે પોતાની માતા અને ચારેય ભાઈ ઓં ને સજીવન કરવા વિનંતિ કરી અને એમ થયું.

હૈહયી વંશીય (ચંદ્રવંશી) ક્ષત્રિયો અને પરશુરામ

નર્મદા કીનારાથી થોડે દૂર હૈહયી વંશ નાં રાજા કૃત્વીર્ય ની રાજધાની હતી. કૃત્વીર્યનો પુત્ર કાર્તવીર્ય પ્રાત:સ્મરણીય હતો. તેનામાટે એમ કહેવાતુંકે તેના સ્મરણ માત્રથી ખોવાયેલી વસ્તુ પાછી મળતી.

કાર્તવીર્યોર્જુનો નામ રાજા બાહુ પ્રતાપ વાન !<br>
યસ્ય સ્મરણ માત્રેણ ગતં નષ્ટ ચ લભ્યતે !!

આવો પ્રતાપી રાજા હતો છતાં પરશુરામે શામાટે માર્યો? કાર્તવીર્ય અતિ શુરવીર હતો, નામ પ્રમાણેના ગુણોવાળો હતો. શક્તિ આવી તેને પચાવી ન શક્યો તેથી તે અવિવેકી બન્યો. જ્ઞાનની મસ્તી તીખી હોયછે, પણ વિવેકી હોય છે. ભક્તિની મસ્તી મધુર જ હોય છે.

એક વખત તે અત્રી ઋષિના આશ્રમમાં ગયો અને ઋષિની મશ્કરી કરી, તેમને અપમાનિત કર્યા. પરંતુ શાંત પ્રકૃતિના અત્રી-જેમણે સત્વ, રજસ અને તમસ ત્રણેય ગુણો જીતી લીધા હતા. તેમણે તેને મૂર્ખ સમજી ક્ષમા આપી. પરંતુ અત્રીના પુત્ર દુર્વાસાથી સહન ન થતા કાર્તવીર્યને પોતાનું બ્રહ્મતેજ બતાવ્યું. બ્રહ્મતેજ માં પણ બળ છે તેમ સમજી દુર્વાસા સાથે સબંધ સુધારી લીધો. સબંધ નિકટનો થતો ગયો.

કાર્તવીર્ય નું બીજું નામ અર્જુન હતું. તે અત્રિ ઋષિના પુત્ર દત્તનો ઉપાસક હતો. તેને દત્તના આશીર્વાદ મળ્યા. 'લડાઈ નાં સમયે હજાર હાથ થાય.' (હજારો હાથ નો સહકાર મળે.) તેથી તે સહસ્ત્રાર્જુન પણ કહેવાયો હતો. એકવાર તે પડોશી રાજ્ય જીતી પરત ફરતો હતો ત્યારે રસ્તામાં વિશ્રામ હેતુથી સેના સહિત જમદગ્નિ ઋષિના આશ્રમમાં રોકાયો. ઋષિએ ચક્રવર્તી સમ્રાટને છાજે તેવું સ્વાગત કર્યું. આકાર્ય કામધેનું ગાયના પરિણામે શક્ય બન્યું હતું. આશ્રમમાં આટલાબધા સૈનિકો ની સુંદર સગવડ જોઈ રાજાને નવાઈ લાગી. પાછળ થી જાણ થઇ કે આબધુ કામધેનું નાં પ્રતાપે શક્ય બન્યું હતું. આથી રાજાએ ઋષિ પાસે કામધેનું ની માગણી કરી. ઋષિએ વિવેક સાથે નાપાડી તેથી રાજાએ બળ પૂર્વક કામધેનું આંચકી લીધી. આશ્રમ બહાર ગયેલા રામને જ્યારે ખબર પડી તુરંત તેમનું ક્ષાત્રતેજ ઉકળી ઉઠ્યું. ભગવાન શિવ પાસેથી મળેલ પરશુ ધારણ કરી, રામ મટી પરશુરામ બન્યા. બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. રામે સહસ્ત્રાર્જુન નાં બધા હાથ કાપી (તેને મદદ કરનાર તમામને મારી) તેનો વધ કર્યો. અને કામધેનું ગાયને પોતાના પિતાને અર્પણ કરી. ક્ષત્રિય હત્યાનું પાપ નું પ્રાયચિત કરવા રામ ભરતખંડ ની યાત્રાએ નીકળી પડ્યા. તે સમયે સહસ્ત્રાર્જુનના દસ હજાર પુત્રો વેર ભાવનાથી આશ્રમે આવી ધ્યાનસ્થ જમદગ્નિ ઋષિની હત્યાકરી નાખી. યાત્રાએ નીકળેલા રામને જાણ થતા પોતાના પિતાની હત્યા કરનારાઓં ને પૃથ્વી પરથી નિર્મૂળ કરવા ની પ્રતીજ્ઞા લીધી. શિવજી દ્વારા મળેલ શસ્ત્ર પરશુ ધારણ કરી તેથી પરશુરામ કહેવાયા. પોતાના પિતા ઉપર ૨૧ ઘા થયેલા જોયા હોવાથી પૃથ્વી ઉપરથી પોતાના દુશ્મનોને ૨૧ વખત પરાસ્ત કરવાની પ્રતિજ્ઞા કરી. પૃથ્વી ઉપર જ્યાં રાક્ષસીવૃતિ વિસ્તરી ત્યાં ત્યાં પરશુરામ તાટક્યા અને દુષ્કર્મ કરનારનો સંહાર કર્યો. મોટાભાગના લોકો એવું માનેછે કે પરશુરામે ૨૧ વખત પૃથ્વીને ક્ષત્રિય વગરની કરી. પરશુરામ ક્ષત્રિયો નાં દુશમન હતા. પણ વાલ્મીકી કહે છે પરશુરામ 'ક્ષત્રવિમર્દન નહીં; જયારે 'રાજવીમર્દન !' તાત્પર્ય એછે કે પરશુરામે બધા ક્ષત્રિયોનો સંહાર કરવાના બદલે માત્ર દુષ્ટ-દુર્જન ક્ષત્રિય રાજાઓ નો સંહાર કર્યો.

પરશુરામનું અવતાર કૃત્ય પરશુરામનું અવતારકૃત્ય શું? બ્રામણત્વ જીવતું રાખ્યું ભોગવિલાસ ભોગવવા વાળાં ક્ષત્રિયો ના બદલે ધર્મ-સંસ્કૃતિની સંભાળ રાખવા વાળાં અને દૈવી જીવન માટે સર્વસ્વ અર્પણ કરવાવાળા ક્ષત્રિયો થયા. બ્રામ્હણો અને ક્ષત્રિયોને ધન્યવાદ છે કે ઉદાર અંતઃકરણથી જુના વેરઝેર સાવ ભૂલી ગયા અને ખાસ કરીને રામ કાલ થી જોઈશું તો ઉદાર અંતઃકારણથી વેરઝેર ભૂલી જઈ એકબીજામાંભળી ગયા. 'આર્ય ધર્મ, આર્ય સંસ્કૃતિ, માનવ સભ્યતા સૃષ્ટિમાં ટકાવવા માટે એક બીજાની શક્તિ અને બુદ્ધિ ને ભેગા કરીએ તોજ આકામ થવું શક્ય છે અને આપણે બન્નેએક છીએ.' એવાત સ્વીકારી સંસ્કૃતિ માટે એક્થયા.

**- બળદેવસિંહ ગોહિલ**

# સંસ્કાર મંડળ ચોકમાં તડકામાં પણ તાજગીથી ઉભેલો ગરમાળો....




સંસ્કાર મંડળ રોડ પર મન મૂકીને ખીલી ઉઠેલો અને અનેક ઔષધીય ગુણો ધરાવતો ગરિમા સભર ગરમાળો ઝાડ જેવો તપસ્વી નહિ પણ વરમાળા લઈ ઉભેલો વરરાજા લાગે છે. તડકામાં પણ તાજગી જાળવી રાખતો અને અનેક ગુણો સભર આ ગરમાળો ઉનાળો આવતા જ ઠેર ઠેર પીળા પીતાંબર ધારી કૃષ્ણનો પ્રતિનિધિ હોય એમ ગામડામાં વાડીઓ અને સિમોથી લઈ શહેરના સિમેન્ટ વાળા રસ્તા પર હાજરી પુરાવતો જોવા મળે છે ત્યારે સંસ્કાર મંડળ પાસે બીડાયેલી કળી ઓ દ્વારા પણ સૌંદર્ય વેરતો આ ગરમાળો ઉનાળામાં વૃક્ષોનું આશ્વાસન છે.

# કેનેડામાં શીખઅલગાવવાદી સમૂહ ખતરાની મોટી રેખા પાર કરી રહ્યા છે

ભારત-કનાડા સંબંધોમાં રાજનૈતિક તણાવ વચ્ચે ભારતના ઉચ્ચાયુક્તે ચેતવણી આપી છે કે કેનેડામાં શીખ અલગાવવાદી જૂથ ખતરાની મોટી રેખા પાર કરી રહ્યા છે.જેને નવી દિલ્હી સુરક્ષા તથા દેશની રાષ્ટ્રિય અખંડતાના મુદ્દાની રીતે જુએ છે. ગયા વર્ષે ખાલિસ્તાન સમર્થક અલગાવવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યાના આરોપી ૩ ભારતીય નાગરિકોને હાલમાં કેનેડા પોલીસ દ્વારા ધરપકડ કરવા બાબતે તથા એક કોર્ટમાં હાજર કરાયા બાદથી પોતાના પહેલા સાર્વજનિક નિવેદનમાં કેનેડામાં ભારતીય ઉચ્ચાયુક્ત સંજય કુમાર વર્માએ મંગળવારે આ વાત કહી હતી.

એક ન્યુઝ ચેનલના સમાચાર અનુસાર વર્મા આ મામલાને અસાધારણ ગુનાઓ સાથે જોડતા દેખાયા હતા. તેમણે એવી પણ ચેતવણી આપી હતી કે કેનેડામાં શીખ સમુહ જે ભારતથી અલગ થવાનું આહ્વાન કરે છે તે ખતરાની એક મોટી રેખાને પાર કરે છે. જેને નવી દિલ્હી રાષ્ટ્રીય સુરક્ષાના મામલા રૂપે જુએ છે. વર્માએ પ્રસિધ્ધ શિંકટેંક માંટ્રીયલ કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન ને કહ્યું હતું કે ભારતીય ભારતની દશા નક્કી કરશે, વિદેશી નહી. તેમણે એમ પણ કહ્યું કે ભારત અને કેનેડા વચ્ચે સંબંધ કુલ મળીને સકારાત્મક છે. ભલે તેને લઈને મોટો હોબાળો થઈ રહ્યો છે.

વર્માએ એમ પણ કહ્યું કે બન્ને દેશો આ મુદ્દાનું સમર્થન કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે 'નકારાત્મક' ઘટનાક્રમની પાછળની ગહરીની સમસ્યાઓ 'દશકો જૂના મુદ્દા' બાબતે કેનેડાની ગેરસમજ સાથે જોડાયેલી છે. વર્માએ કહ્યું કે તેમની મુખ્ય ચિંતા કેનેડાની ભૂમિથી ઉત્પન્ન થનારા રાષ્ટ્રીય-સુરક્ષા સંબંધી ખતરાને લઈને છે. તેમણે કહ્યું કે ભારત ડબલ નાગરિકતાને માન્યતા નથી આપતું. માટે જે કોઈ પણ પ્રવાસી હોય તેને વિદેશી માનવામાં આવે છે. તેમણે કહ્યું કે હું તેને એવી રીતે કહી શકું કે વિદેશીઓની ભારતની ક્ષેત્રિય અખંડિતતા પર બુરી નજર છે. આ અમારા માટે મોટી ખતરાની રેખા છે.

# સફેદ સોનુ એટલે લિથિયમ એના અણુમાં તાકાત છે

## કોઈપણ ઈલેક્ટ્રીકથી ચાલતા વાહનમાં જે બેટરી વપરાય છે તેમાં લિથિયમ નામની ધાતુનો સૌથી વધુ ઉપયોગ થાય છે આ ધાતુ વિના એ બાઇક બની શકે નહીં આ મહત્વની ધાતુ પર આજે વિશ્વમાં ચાઇનાનો એકાધિકાર છે હવે સોના ચાંદી કરતા પણ લિથિયમની કિંમત વધી જશે

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

લિથિયમ એ એક નરમ, ચળકતી-સફેદ ધાતુ છે હે રાસાયણીક તત્વોના આલ્કલી ધાતુઓની શ્રેણીમાં આવે છે. આની રાસાયણિક સંજ્ઞા Li, અને તેનો અણુ ક્રમાંક ૩ છે. સામાન્ય દબાણ અને તાપમાને આ વિશ્વનો સૌથી હલકો અને સૌથી ઓછું ઘનત્વ ધરાવતો ઘન પદાર્થ છે. દરેક આલ્કલી ધાતુ તત્વની જેમ આ ધાતુ પણ અત્યંત ક્રિયાશીલ અને જ્વલનકારક છે. આ કારણોને લીધે આને પ્રાય: ખનિજ તેલમાં રાખવામાં આવે છે. આ ધાતુને જ્યારે કાપવામાં આવે છે ત્યારે તે ધાતુમળ ચળકાટ ધરાવે છે પણ ભેજ વાળી હવાની અસર તેનાપર થતાં તે પહેલા ચળકતો રાખોડી રંગ પછી કાળો અને ઝાંખો બનતો જાય છે. લિથિયમની અત્યંત રાસાયણિક સક્રિયતાને કારણે તે પ્રકૃતિમાં શુધ સ્વરૂપે મળતું નથી. તે પ્રાય: રાસાયણિક આયનિક સંયોજન સ્વરૂપે મળે છે કે આયનિક બંધ વડે જોડાયેલા હોય છે. ઘણાં પેગ્મેટાઈટ ખનિજમાં લિથિયમ મળી આવે છે પણ આયન સ્વરૂપે દ્રાવ્ય હોવાથી તેને બ્રાઈન માંથી અને ક્લે (ચીકણી માટી) માંથી મેળવવામાં આવે છે. મોટા પાયે ઉત્પાદન કરવા માટે લિથિયમને લિથિમ ક્લોરાઈડ અને પોટેશિયમ ક્લોરાઈડના મિશ્રણના વિદ્યુત પૃથ્થકરણ દ્વારા મેળવવામાં આવે છે.

ચાઇના એન્ડીસ પર્વતમાં મીઠાના ખડકોમાંથી લીથિયમ કાઢવાનું કામ કરે છે. લીથિયમને 'સફેદ સોનું' પણ કહેવામાં આવે છે અને તેનો ઉપયોગ બેટરી બનાવવા માટે કરવામાં આવે છે. આ લીથીયમને કારણે સંઘર્ષો વધતા જાય છે આર્જેન્ટિનાના કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવાને કારણે થયેલું તે વિરોધ પ્રદર્શન, ચીની ધંધાર્થીઓ અને સ્થાનિક સમુદાયો વચ્ચે સમગ્ર વિશ્વમાં વધી રહેલા તણાવની ઘટનાઓ પૈકીનું એક છે. ગ્રીન ઇકોનોમી એટલે કે હરિત અર્થતંત્ર માટે જરૂરી ખનીજોને પ્રોસેસ કરવાના ક્ષેત્રમાં ચીનનો દબદબો છે. હવે ચીને ખનીજોનું ખનન પણ જાતે શરૂ કરી દીધું છે.

ચીનની એક કંપનીએ આર્જેન્ટિના, બોલીવિયા અને ચિલીના લીથિયમ ટ્રેંગલમાં દસ વર્ષ પહેલાં ચીન માટે પહેલી ખાણ ખરીદી હતી. દુનિયામાં લીથિયમનો સૌથી મોટો ભંડાર આ પ્રદેશમાં છે. લેટિન અમેરિકાનું લીથિયમ ટ્રાયેંગલ ક્ષેત્ર દુનિયાભરમાં સૌથી વધુ લીથિયમ માટે જાણીતું છે

ખનન સંબંધી પ્રકાશનો, કોર્પોરેટ્સ, સરકારી અને મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એ પછી સ્થાનિક ખનન બિઝનેસમાં ચીને વધુ રોકાણ કર્યું હતું. ચીની કંપનીઓના શેરોની ગણતરીને આધારે બીબીસીને જાણવા મળ્યું છે કે દુનિયાભરમાં હાલ લીથિયમનું જેટલું ઉત્પાદન થઈ રહ્યું છે કે જેની ઉત્પાદન પ્રક્રિયા ચાલુ છે તે પૈકીનું 33 ટકા ચીની કંપનીઓના નિયંત્રણમાં છે. ચીની કંપનીઓના બિઝનેસના વિસ્તારની સાથે તેમના પર, અન્ય મોટી આંતરરાષ્ટ્રીય ખાણ કંપનીઓની માફક, જુલમ કરવાના આક્ષેપ પણ થઈ રહ્યા છે. ટાયર સળગાવીને કરવામાં આવેલું વિરોધ પ્રદર્શન આઈ કિંગ નામના અધિકારી માટે એક અસભ્ય જાગૃતિ જેવું હતું. તેમને આર્જેન્ટિનામાં શાંત જીવનની આશા હતી, પરંતુ સ્થાનિક સ્પેનિશ ભાષા જાણતા હોવાને લીધે તેમણે વચેટિયાની ભૂમિકા ભજવવી પડી હતી.

તેઓ કહે છે,"તે આસાન ન હતું. ભાષા સિવાય અમારે અનેક બાબતોમાં નરમ વલણ અપનાવવું પડ્યું હતું. કંપનીને લાગે છે કે કર્મચારીઓ આળસુ છે તથા કર્મચારી સંઘ પર વધારે પડતા નિર્ભર છે અને સ્થાનિક લોકો માને છે કે ચીની લોકો અહીં તેમનું શોષણ કરવા જ આવ્યા છે, એવી બાબતોનો તેમાં સમાવેશ થાય છે."ગ્લોબલ ચાઇના યુનિટે દુનિયાભરમાંથી એવા કમસેકમ ૬૨ ખનન પ્રોજેક્ટ બાબતે માહિતી મેળવી છે, જેમાં ચીની કંપનીઓની ભાગીદારી છે અથવા તેઓ આ પ્રોજેક્ટ કે લીથિયમના ખનન કે હરિત અર્થતંત્ર માટે જરૂરી ત્રણ ખનીજો – કોબાલ્ટ, નિકલ તથા મેંગેનીઝમાંથી કોઈ પણ એકના ખનન માટે સ્થાપિત કરવામાં આવ્યા છે.

આ બધાનો ઉપયોગ લીથિયમ આયન બેટરી બનાવવા માટે કરવામા આવે છે. લીથિયમ આયન બેટરીનો ઉપયોગ ઇલેક્ટ્રિક મોટરકારમાં કરવામાં આવે છે. બેટરી અને સોલર પેનલનું ઉત્પાદન હાલ ચીનની ઔદ્યોગિક અગ્રતામાં મોખરે છે. એ પૈકીના કેટલાક પ્રોજેક્ટ દુનિયાભરમાં આ ખનીજોના સૌથી મોટા ઉત્પાદક છે. લીથિયમ અને કોબાલ્ટના રિફાઇનિંગના ક્ષેત્રમાં ચીન લાંબા સમયથી અગ્રેસર છે.

અમેરિકન થિંક ટેંક ચેટમ હાઉસના જણાવ્યા મુજબ, ૨૦૨૨માં આ ખનીજોના વૈશ્વિક ઉત્પાદનમાં ચીનની હિસ્સેદારી ૭૨ અને ૬૮ ટકા હતી.

આ ખનીજો અને અન્ય મહત્વપૂર્ણ ખનીજોને રિફાઈન કરવાની ક્ષમતાની તાકાતને આધારે ચીન ૨૦૨૩માં એવા સ્તરે પહોંચી ગયું હતું કે દુનિયાભરમાં વેંચાયેલા અડધાથી વધુ ઇલેક્ટ્રિક વાહનોનું ઉત્પાદન ચીનમાં જ થતું હતું. પવન ચક્કી બનાવવાની વૈશ્વિક ક્ષમતામાં ૬૦ ટકા હિસ્સો ચીનનો છે. એટલું જ નહીં, સોલર પેનલની સપ્લાય ચેઈનના પ્રત્યેક તબક્કામાં ૮૦ ટકા નિયંત્રણ ચીનનું છે. આ ક્ષેત્રમાં ચીનની ભૂમિકાથી દુનિયાભરમાં આ ઉત્પાદનોની માત્ર કિંમત જ ઓછી નથી થઈ, પરંતુ લોકોની તેમના સુધીની પહોંચ પણ આસાન થઈ છે.

જોકે, ગ્રીન ઇકોનોમી માટે ચીન એકમાત્ર એવો દેશ નથી, જેને આ ખનીજોના ખનન તથા શોધવાની જરૂર હોય. સંયુક્ત રાષ્ટ્રસંઘનું કહેવું છે કે વિશ્વ ૨૦૫૦ સુધીમાં ઝીરો કાર્બન ઉત્સર્જનનું હાંસલ કરવા ઇચ્છતું હોય તો ૨૦૪૦ સુધીમાં આ પદાર્થોના ઉપયોગમાં છ ગણો વધારો કરવો પડશે. આ દરમિયાન અમેરિકા, ચીન અને યુરોપિયન યુનિયને પોતપોતાની વ્યૂહરચના બનાવી લીધી છે, જેથી ચીન પરની નિર્ભરતા ઘટાડી શકાય.

ચીની કંપનીઓએ દુનિયાભરમાં ખનન કાર્ય વધાર્યું છે તેમ તેમ આ પ્રોજેક્ટ્સને લીધે સર્જાતી સમસ્યાઓ સંબંધે આરોપ પણ ઝડપથી વધી રહ્યા છે. બિન-સરકારી સંગઠન ધ બિઝનેસ એન્ડ હ્યુમન રાઈટ્સ રિસોર્સ સેન્ટરનું કહેવું છે કે આવી સમસ્યાઓ "ચીની ખનન માટે નવી નથી."

# અમેરિકન ભારતીયો ઈચ્છે છે કે મોદી સતત ત્રીજી વખત ભારતના વડાપ્રધાન બને



વોશિંગ્ટન,
પીએમ મોદીનો જાદુ અમેરિકામાં ભારતીય પ્રવાસી સમુદાયોમાં તરંગો ઉભો કરી રહ્યો છે. અમેરિકન ભારતીયો ઈચ્છે છે કે મોદી સતત ત્રીજી વખત ભારતના વડાપ્રધાન બને. પ્રભાવશાળી અમેરિકન નેતા અજય જૈન ભુટોરિયાએ જણાવ્યું હતું કે મોટાભાગના ભારતીય-અમેરિકનો વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે ત્રીજી ટર્મ ઈચ્છે છે કારણ કે તેમની સરકારની નીતિઓ ભારતને બદલી રહી છે. ડેમોક્રેટિક પાર્ટી માટે ભંડોળ એકત્ર કરનાર ભુટોરિયાએ કહ્યું કે ભારતીયો અમેરિકામાં તીવ્ર આર્થિક વૃદ્ધિનો ભાગ છે અને તેઓ આર્થિક વૃદ્ધિમાં ફાળો આપવા માટે સખત મહેનત કરી રહ્યા છે. તેમણે કહ્યું કે જ્યારે ભારતીય-અમેરિકનો ભારતમાં આવી આર્થિક વૃદ્ધિ જુએ છે ત્યારે તેઓ ગર્વ અનુભવે છે.

ભુટોરિયાએ કહ્યું, "મને લાગે છે કે મોટાભાગના ભારતીય-અમેરિકનો ઈચ્છે છે કે વડાપ્રધાન મોદી પાછા ફરે. જ્યારે ભારત ચમકે છે ત્યારે તેઓ ગર્વ અનુભવે છે," તેમણે ઉમેર્યું, "તેઓ ગર્વ અનુભવે છે કે ભારત વિકાસ કરી રહ્યું છે. ભારત લગભગ છ થી સાત ટકાની ઝડપી ગતિએ આર્થિક વિકાસ કરી રહ્યું છે. જ્યારે હું આંકડાઓ વાંચતો હતો ત્યારે તે કહે છે કે ભારત આ વર્ષના અંત સુધીમાં જાપાનને પાછળ છોડીને ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે. અને કદાચ ૨૦૨૭ સુધીમાં ભારત અમેરિકા અને ચીન પછી વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.

# પંજાબ IPL પ્લેઓફની રેસમાંથી બહાર

## બેંગલુરુએ પ્લેઑફ માટે ક્વોલિફાય થવાની આશા જીવંત

મુંબઈ,
પંજાબ કિંગ્સ ગુરુવારે ઈન્ડિયન પ્રીમિયર લીગમાં પ્લેઑફની રેસમાંથી બહાર થઈ ગઈ હતી. ટીમને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ એ તેમના હોમ ગ્રાઉન્ડ ધર્મશાલામાં ૬૦ રને પરાજય આપ્યો હતો. આ જીત સાથે, બેંગલુરુએ પ્લેઑફ માટે ક્વોલિફાય થવાની આશા જીવંત રાખી છે.

HPCA સ્ટેડિયમમાં પંજાબે ટૉસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. RCBએ ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવીને ૨૪૧ રન બનાવ્યા હતા. વિરાટ કોહલીએ ૯૨, રજત પાટીદારે ૫૫ અને કેમરૂન ગ્રીને ૪૬ રન બનાવ્યા હતા. પંજાબ તરફથી હર્ષલ પટેલે ૩ અને વિદ્વત કવેરપ્પાએ ૨ વિકેટ ઝડપી હતી. પંજાબ કિંગ્સ ૧૭ ઓવરમાં ૧૮૧ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમ તરફથી



રિલી રુસોએ ૬૧ રન બનાવ્યા હતા. જ્યારે શશાંક સિંહ માત્ર ૩૭ રન જ બનાવી શક્યો, જોની બેયરસ્ટો ૨૭ રન અને સેમ કરન માત્ર ૨૨ રન બનાવી શક્યો. બેંગલુરુ તરફથી મોહમ્મદ સિરાજે ૩ વિકેટ લીધી હતી. કર્ણ શર્મા, સ્વપ્નિલ સિંહ અને લોકી ફર્ગ્યુસને ૨-૨ વિકેટ લીધી હતી.

# બિનનિવાસી ભારતીયોએ ૧૧૧ અબજ ડોલર 'વતન'માં ઠાલવ્યા

## ૧૦૦ અબજ અમેરીકી ડોલરથી વધુ નાણાં વતનમાં મોકલાયા હોય તેવો ભારત પ્રથમ દેશ



નવીદિલ્હી,
નાણાંકીય મેનેજમેન્ટમાં મોટા બદલાવ વચ્ચે બિન નિવાસી ભારતીયોએ અઢળક નાણાં વતનમાં મોકલ્યા છે. વિશ્ર્વના અન્ય કોઈપણ દેશનાં નાગરીકો કરતા સૌથી વધુ નાણાં ભારતીયોએ મોકલ્યા છે, ૨૦૨૨ માં બિન નિવાસી ભારતીયોએ ૧૧૧ અબજ અમેરીકી ડોલર ભારતમાં ઠાલવ્યા હતા. ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર નાઈઝેશન (આઈઓએમ)ના રીપોર્ટમાં એમ કહેવાયું છે કે, ૧૦૦ અબજ અમેરીકી ડોલરથી વધુ નાણાં વતનમાં મોકલાયા હોય તેવો ભારત પ્રથમ દેશ બન્યો છે.

આ નાણા સીધા વિદેશી રોકાણ કરતાં પણ વધુ છે. ૨૦૨૨ માં બીન નિવાસી નાગરીકોએ ૮૩૧ અબજ ડોલર વતનમાં મોકલ્યા હતા. તે ૨૦૦૦ માં ૧૦૨ અબજ ડોલર કરતાં ૬૫૦ ટકા વધુ છે.મહત્વની વાત એ, છે કે ૮૩૧ ૬૦૭ અબજ ડોલર ઓછી કે મધ્યમ આવક ધરાવતાં દેશોમાં મોકલવામાં આવ્યા છે.

# શું પાકિસ્તાન પાસે એવું કોઈ પ્લેટફોર્મ છે જ્યાં તે જઈને કહી શકે કે અમારી સુરક્ષા માટે ખતરો છે : પાકિસ્તાની પત્રકાર

નવીદિલ્હી,
ભારતમાં ચાલી રહેલી લોકસભાની ચૂંટણી વચ્ચે પાકિસ્તાનમાં નવી સંસદમાં સ્થાપિત 'અખંડ ભારત'ની ગ્રેફિટીને લઈને વિવાદ ઊભો થયો છે. પાકિસ્તાની પત્રકારો અને વિદેશી બાબતોના નિષ્ણાતોએ આરોપ લગાવ્યો છે કે આ ભારતના પડોશી દેશોની સુરક્ષા માટે ખતરો છે. તેમનું કહેવું છે કે આ દ્વારા ભારત પાડોશી દેશો પર પોતાનો દાવો રજૂ કરવા માંગે છે. પત્રકાર હામિદ મીરે જિયો ટીવી પરના તેમના ટોક શોમાં પ્રશ્ન કર્યો હતો કે જો કોઈ દેશની સંસદમાં નકશો મુકવામાં આવે જેમાં ૫-૬ પાડોશી દેશોનો સમાવેશ થાય અને ખુલ્લેઆમ કહેતા હોય કે પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, નેપાળ, ભૂતાન. — આ તમામ ભારતનો ભાગ બની જશે. શું પાકિસ્તાન પાસે કોઈ આંતરરાષ્ટ્રીય મંચ છે જ્યાં જઈને તે કહી શકે કે અમારી સુરક્ષા જોખમમાં છે, અમને ખતરો છેપ તમે અમને બચાવો?

પાકિસ્તાની રાજદ્વારી એજાઝ અહમદ ચૌધરીએ હામિદ મીરના જવાબમાં કહ્યું કે તમામ દેશોએ રાજદ્વારી રીતે તેનો વિરોધ કરવો જોઈએ. હામિદ મીરે કહ્યું કે આરબ દેશોએ પણ 'અખંડ ભારત' નકશાનો વિરોધ કરવો જોઈએ. ભારત સાથે મિત્રતા વધારવા માટે આરબ દેશો પર નિશાન સાધતા તેમણે કહ્યું કે, આપણે ખાસ ૫ કરીને એવા આરબ દેશોનો વિરોધ કરવો જોઈએ જેઓ મોદી સાહેબના ગળામાં મોટો હાર પહેરાવે છે. તેમને કહેવું જોઈએ કે તેઓ તેમની સાથે મિત્રતા રાખે પરંતુ તેઓ તમારા વિશે શું કહે છે તે જુઓ.

આ મુદ્દે પાકિસ્તાની રાજદ્વારી એજાઝ અહેમદે કહ્યું કે અરબ દેશો હાલમાં ભારત સાથે તેમનો વેપાર વધારવામાં વ્યસ્ત છે, તેઓને કોઈ પરવા નથી કે ભારત તેમના વિશે શું અભિપ્રાય ધરાવે છે. તેમણે વધુમાં કહ્યું કે, 'ભારત માને છે કે કેટલાક સો વર્ષ પહેલા અહીં આવેલા આરબો ઘૂસણખોરી છે.

# વિશ્વકપ પહેલા પાકિસ્તાનના ખેલાડીઓ અંદર અંદર બાખડ્યાં

મુંબઈ,
આઈપીએલ પુરી થતીની સાથે શરૂ થઈ જશે ક્રિકેટનો મહાકુંભ. જીહાં, આ વખતે અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં રમાઈ રહ્યો છે ટી ૨૦ ભારત સહિત વિવિધ દેશોએ પોતાની ટીમોની જાહેરાત પણ કરી દીધી છે. એવામાં વર્લ્ડ કપના ઠીક પહેલાં પાકિસ્તાનની ટીમનો એક વીડિયો હાલ ખુબ વાયરલ થઈ રહ્યો છે. જેમાં પાકિસ્તાનના ખેલાડીઓ અંદરો અંદર ઝઘડો કરી રહ્યાં હોય તેવું પ્રતિત થઈ રહ્યું ખાસ કરીને પાકિસ્તાની પ્લેયર ઈમાદ વસીમ અને બાબર આઝમ વચ્ચે કોઈક બાબતે ભારે ટક્કર થઈ હોય તેવું દેખાઈ રહ્યું છે. આખરે શું છે મામલો જાણીએ આ અહેવાલમાં...

શું ખરેખર ટી ૨૦ વર્લ્ડ કપ પહેલા પાકિસ્તાની ટીમમાં શરૂ થઈ ગઈ છે લડાઈ? બાબર આઝમ સાથે ઈમાદ વસીમની ટક્કરનો એક વીડિયો હાલ સોશિયલ મીડિયા પર ખુબ જ વાયરલ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છેકે, બાબર આઝમની આગેવાની હેઠળની પાકિસ્તાની ક્રિકેટ ટીમ હાલમાં ૨૦૨૪ ટી ૨૦ વર્લ્ડ કપ પહેલા બે મહત્વપૂર્ણ શ્રેણીની તૈયારી કરી રહી છે. ટી ૨૦ વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન આયર્લેન્ડ, કેનેડા અને અમેરિકાની સાથે ગ્રુપ છમાં છે. પાકિસ્તાન ૬ જૂને અમેરિકા સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. આયર્લેન્ડ સામેની ત્રણ મેચની ટી ૨૦ શ્રેણી ૧૦મીથી શરૂ થશે. ત્યાર બાદ ૨૨ મેથી ઈંગ્લેન્ડ સામે ૪ ટી૨૦ મેચોની ટી૨૦ સીરીઝ રમાશે.ટી ૨૦ વર્લ્ડ કપમાં રિષભ પંત નહીં પણ સંજુ સેમસન નંબર-૧ વિકેટકીપર હોવો જોઈએ?

# ચીનનું ચંદ્ર પરનું 'ચાંગે ૬ મૂન' અવકાશયાન ચંદ્રની ડાર્ક સાઈડ પર નમૂના લેશે

બીજીંગ
ચીને તેનું નવું અવકાશયાન ચંદ્રની ડાર્ક સાઈડમાં મોકલ્યું છે. એટલે કે, ચંદ્રનો તે ભાગ જે આપણે પૃથ્વી પરથી જોઈ શકતા નથી. જ્યાં ક્યારેય સૂર્યપ્રકાશ પહોંચતો નથી. તેને ચંદ્રની દૂરની બાજુ અથવા કાળી બાજુ પણ કહેવામાં આવે છે. એક એવી જગ્યા જ્યાં દુનિયાનો કોઈ દેશ જવાની હિંમત ન કરી શકે. ચીન ત્યાં શું શોધશે? ચીનના નવા ચંદ્ર મિશનનું નામ ચાંગે ૬ છે. ચંદ્રની કાળી બાજુ તરફ જવાનું ચીનનું આ બીજું મિશન છે. જો તે સફળ થાય છે, તો તે ચંદ્રની ડાર્ક બાજુથી નમૂનાઓ લાવવાનું વિશ્વનું પ્રથમ મિશન હશે. તેની સફળતાથી ચીન વિશ્વમાં પોતાનું વિજ્ઞાન અને ટેકનોલોજી સાબિત કરશે.

આ મિશન ૩ મે ૨૦૨૪ ના રોજ વેનચાંગ સ્પેસ લોંચ સેન્ટરથી લોન્ચ કરવામાં આવ્યું હતું. ચાંગ'ઈ ૬ મૂન મિશન અવકાશયાન લોન્ચ થયાના ૩૦ મિનિટ પછી તેના ઝઢપ રોકેટથી અલગ થઈ ગયું. તે લોંગ માર્ચ રોકેટ પરિવારનો એક ભાગ છે. ચીનનું રોકેટ સંભવતઃ આવતીકાલે એટલે કે ૮ મે ૨૦૨૪ના રોજ ચંદ્રની દૂરની બાજુએ પહોંચી જશે.

ચંદ્રનો માત્ર એક ભાગ જ આપણી આંખોને દેખાય છે. તેને નજીકની બાજુ કહેવામાં આવે છે. પરંતુ તેની પાછળની બાજુને ડાર્ક અથવા દૂરની બાજુ કહેવામાં આવે છે. કારણ કે તે આપણી આંખોને દેખાતું નથી. એટલા માટે નહીં કે સૂર્યપ્રકાશ ત્યાં પડતો નથી, પરંતુ કારણ કે ચંદ્ર પૃથ્વી સાથે બહુટાઈટલી રીતે સંકળાયેલો છે. છેલ્લા કેટલાક વર્ષોથી ચંદ્રની ડાર્ક સાઈડ પર ઘણી ચર્ચા થઈ રહી છે.



# જાણીતી અભિનેત્રી આલિયા બીજી વાર ડીપ ફેકનો ભોગ બની



મુંબઈ
બોલીવૂડની હિરોઈનોના ડીપ ફેક વીડિયોનો સિલસિલો ચાલ્યો છે. આલિયા ભટ્ટ બીજી વાર ડીપ ફેકનો ભોગ બની છે. કોઈએ મૂળ વામિકા ગબ્બીના ઓરિજિનલ વીડિયોમાં ચેડાં કરી તેના પર આલિયાનો ફેસ મોર્ફ કરી દીધો હતો.

થોડા દિવસો પહેલાં જ સંજય લીલા ભણશાળીની વેબ સીરીઝ 'હીરા મંડી'નું પ્રિમિયર યોજાયું હતું. તેમાં વામિકા ગબ્બી લાલ રંગની સાડીમાં સજ્જ થઈને હાજર રહી હતી. આ ઈવેન્ટમાં આલિયા ભટ્ટ પણ હાજર હતી. વામિકાએ પોતાના પરિધાનનો વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો જે ભારે વાયરલ પણ થયો હતો. લોકોએ ઓટીટીની ટોચની સ્ટાર ગણાતી વામિકાના વીડિયો તથા લાલ સાડીમાં તેના લૂક્સના બહુ વખાણ કર્યાં હતાં.

જોકે, બાદમાં સોશિયલ મીડિયા પર એ જ સાડી-બ્લાઉઝ અને હેર સ્ટાઈલ સાથે આલિયા ભટ્ટનો વીડિયો પણ વાયરલ થતાં લોકોને નવાઈ લાગી હતી. જોકે, ચકોર નેટ યૂઝર્સએ તરત જ પકડી પાડયું હતું કે મૂળ વામિકા ગબ્બીના વીડિયોમાં કોઈએ ચેડાં કરી વામિકાના સ્થાને આલિયાનો ચહેરો મૂકી દીધો છે. લોકોએ તરત જ આ ડીપ ફેક પર પસ્તાળ પાડી હતી અને તેની સામે કાનૂની કાર્યવાહીની માંગ કરી હતી.

# મિસ્ટર એન્ડ મિસિસ માહીનું પોસ્ટર રિલીઝ : જાહ્નવી-રાજકુમાર સ્ટેડિયમમાં ચીયર કરતા જોવા મળ્યા

મુંબઈ
જાન્હવી કપૂર અને રાજકુમાર રાવ અભિનીત ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસિસ માહી' તેની રિલીઝને લઈને ઘણા સમયથી ચર્ચામાં છે. શરણ શર્મા દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીના જીવન પર આધારિત સ્પોર્ટ્સ ડ્રામા છે. તે જ સમયે, હવે ફિલ્મના કેટલાક વધુ પોસ્ટર્સ રિલીઝ કરવામાં આવ્યા છે, જે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યા છે.

રાજકુમાર રાવ આ દિવસોમાં પોતાની બે ફિલ્મોને લઈને ચર્ચામાં છે. અભિનેતાની ફિલ્મ શ્રીકાંત પણ ટૂંક સમયમાં સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. બીજી તરફ તે જાન્હવી કપૂર સાથે 'મિસ્ટર એન્ડ મિસિસ માહી'માં પણ જોવા મળશે. હવે તાજેતરમાં, નિર્માતાઓએ ફિલ્મના કેટલાક નવા પોસ્ટર પણ રિલીઝ કર્યા છે, જેમાં બંને કલાકારો સ્ટેડિયમમાં ચીયર કરતા જોવા મળે છે. ચાહકોને ફિલ્મનું પોસ્ટર ઘણું પસંદ આવી રહ્યું છે. તે જાણીતું છે કે ફિલ્મ 'મિસ્ટર એન્ડ મિસિસ માહી' ની જાહેરાત નવેમ્બર ૨૦૨૧ માં નિર્માતા કરણ જોહરે કરી હતી, અને તેનું શૂટિંગ મે ૨૦૨૨ માં શરૂ થયું હતું. આ ફિલ્મ ૨૦૨૧ની હોરર થ્રિલર 'રૂહી' પછી જાન્હવી અને રાજકુમારના બીજા સહયોગને ચિહ્નિત કરે છે. આ ફિલ્મમાં અભિષેક બેનર્જી, રાજેશ શર્મા, કુમુદ મિશ્રા, ઝરીના વહાબ અને પૂર્ણેન્દુ ભટ્ટાચાર્ય પણ મુખ્ય ભૂમિકામાં છે. ફિલ્મનું શૂટિંગ ૧ મેના રોજ પૂર્ણ થયું હતું.

તમને જણાવી દઈએ કે આ ફિલ્મ ૩૧ મે ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. પહેલા તે ૧૯ એપ્રિલે રિલીઝ થવાની હતી, પરંતુ હવે મેકર્સે તેની તારીખ



# ટી ૨૦ વર્લ્ડ કપમાં રિષભ પંત નહીં પણ સંજુ સેમસન નંબર-૧ વિકેટકીપર હોવો જોઈએ?

નવીદિલ્હી,
ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ શરૂ થવામાં હવે માત્ર થોડા જ દિવસો બાકી છે અને પ્લેઈંગ ઈલેવનમાં કયા ખેલાડીઓને તક મળશે તે અંગે ચર્ચાએ જોર પકડ્યું છે. રોહિત શર્મા સાથે કોણ ઓપનિંગ કરશે? ટીમમાં સ્પિનરો કોણ હોવા જોઈએ? જસપ્રીત બુમરાહની સાથે ફાસ્ટ બોલિંગની કમાન કોને મળશે? દરેક પ્રશ્નનો જવાબ સરળ નથી. ઓપનિંગ પછી જો કોઈ સૌથી મુશ્કેલ પ્રશ્ન હોય તો તે વિકેટકીપરનો છે, જેમાં રિષભ પંત અને સંજુ સેમસન વચ્ચે સ્પર્ધા છે. આ સ્થાન કોને મળવું જોઈએ તે વિશે દરેકનો પોતાનો અભિપ્રાય છે, પરંતુ સેમસને પોતાનો દાવો ખૂબ જ મજબૂત કર્યો છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ૩૦ એપ્રિલે ટી ૨૦ વર્લ્ડ કપ માટે ટીમની જાહેરાત કરી હતી, જેમાં રિષભ પંત અને સંજુ સેમસનને વિકેટકીપર-બેટ્સમેનની ભૂમિકા માટે પસંદ કરવામાં આવ્યા હતા. પંતનો આ ત્રીજો ટી ૨૦ વર્લ્ડ કપ હશે, જ્યારે સેમસન પહેલીવાર આઈસીસી ઈવેન્ટનો ભાગ બનશે. બંને ખેલાડીઓ અલગ-અલગ સંજોગોમાં આ વર્લ્ડ કપમાં આવ્યા છે. પંત દોઢ વર્ષ સુધી ક્રિકેટથી દૂર રહ્યા બાદ પુનરાગમન કરી રહ્યો છે, જ્યારે સેમસન સતત અવગણના બાદ શાનદાર સિઝનના આધારે જગ્યા બનાવવામાં સફળ રહ્યો છે.

સુત્રો પાસેથી મળેલા સમાચાર મુજબ અત્યાર સુધી ટીમ મેનેજમેન્ટ રિષભ પંતને પ્લેઈંગ ઈલેવન માટે પ્રથમ પસંદગી તરીકે બોલાવી રહ્યું છે. પંતે અત્યાર સુધી ટૂર્નામેન્ટમાં ૧૨ ઈનિંગ્સમાં ૪૧ની એવરેજ અને ૧૫૬ના મજબૂત સ્ટ્રાઈક રેટથી ૪૧૩ રન બનાવ્યા છે. સારી વિકેટકીપિંગ અને બેટિંગ સિવાય તેને ટીમમાં રાખવાનું કારણ એ છે કે તે ડાબોડી બેટ્સમેન છે, જેની ઉણપ ટીમ ઈન્ડિયા અનુભવી રહી છે. આવું હોવા છતાં આઈપીએલ ૨૦૨૪ ના પ્રદર્શનને જોતા સંજુ સેમસન આ વખતે વધુ સારો વિકલ્પ જણાય છે.

# બાલાચડી સૈનિક સ્કૂલમાં નવા સત્રનો પદગ્રહણ સમારોહ યોજાયો








જામનગર : જામનગરની સૈનિક સ્કૂલ બાલાચડીમાં તાજેતરમાં શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ માટે પદગ્રહણ સમારોહ શાળાના ઓડિટોરિયમમાં લશ્કરી પરંપરાઓ મુજબ યોજાયો હતો. જેમાં સૈનિક સ્કૂલ બાલાચડીના ભૂતપૂર્વ વિદ્યાર્થી કર્નલ પ્રમોદ આર અંબાસણા, એસએમ (શૌર્ય) મુખ્ય મહેમાન હતા તેમના આગમન પર મુખ્ય મહેમાનનું સૈનિક સ્કૂલ બાલાચડીના આચાર્ય કર્નલ શ્રેયશ મહેતા દ્વારા સ્વાગત કરાયું હતું અને શાળાના યુદ્ધ સ્મારક શૌર્ય સ્તંભ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. બાદમાં તેમને કેડેટ ધ્રુવિલ મોદી દ્વારા શાળા અને તેની આસપાસના વિસ્તાર વિશે સેન્ડ મોડલ વિશે માહિતગાર કરાતા મુખ્ય મહેમાન દ્વારા પ્રશંસા કરાઈ હતી.

મુખ્ય અતિથિએ વિવિધ શાળા નિમણૂકો, હાઉસ કેપ્ટન અને ડોર્મ પ્રીફેક્ટ માટે નામાંકિત કેડેટ્સને નિમણૂક આપી. કેડેટ્સને સર્વગ્રાહી ગુણોના આધારે નામાંકિત કરવામાં આવ્યા હતા જેમાં સમયની પાબંદી, શિસ્ત, નૈતિક મૂલ્યો, શૈક્ષણિક, રમતો અને રમતગમત, સકારાત્મક વલણ, નેતૃત્વના ગુણો વગેરેનો સમાવેશ થાય છે જેથી કરીને તેઓ તેમના સાથી શાળાના મિત્રો માટે રોલ મોડેલ બની શકે.

તમામ કેડેટ્સ કે જેમની નિમણૂક કરવામાં આવી હતી જે શાળાના નિયમો પ્રત્યે તેમની નિષ્ઠા માટે નવનિયુક્ત કેડેટ્સને શપથ લેવડાવવામાં આવ્યા હતા. તેઓ ગૃહોમાં વિવિધ અભ્યાસક્રમ અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું ધ્યાન રાખશે અને શાળાના સુચારૂ સંચાલનમાં વહીવટને ટેકો આપશે.

મુખ્ય અતિથિએ તેમના સંબોધન દરમિયાન નવનિયુક્ત કેડેટ્સને અભિનંદન આપ્યા અને કેડેટ્સમાં નેતૃત્વના ગુણો કેળવવાની જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો. તેમણે સૈનિક સ્કૂલ બાલાચડીમાં વિતાવેલા તેમના વિદ્યાર્થીના જીવનનો અનુભવ શેર કર્યો હતો. તેમણે કેડેટ્સને તેમના સપના સાકાર કરવા માટે શાળામાં ઉપલબ્ધ સુવિધાઓ અને માળખાકીય સુવિધાઓનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી.

તેમણે 'કેરેક્ટર બિલ્ડીંગ'નો અર્થ અને 'એસ ક્યુ આર આર આર' એટલે કે સર્વે, પ્રશ્ન, વાંચન, સમીક્ષા, પુનરાવર્તન દ્વારા અભ્યાસની વૈજ્ઞાનિક રીત સમજાવી. તેમણે કહ્યું કેડેટ્સે ખાવું, રમવું અને સારી રીતે અભ્યાસ કરવો જોઈએ અને હંમેશા ઉત્સાહી અને ઉત્સુકતા સાથે નવી વસ્તુઓ શોધવા માટે તૈયાર રહેવું જોઈએ. તેમણે ત્રણ પ્રકારની ફિટનેસના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો જેના પર કેડેટે હંમેશા ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ તે છે 'શારીરિક', 'માનસિક' અને આધ્યાત્મિક ફિટનેસ'. તેમણે કેડેટ્સને ક્યારેય હાર ન માનવા અને નિષ્ફળતાનો ડર ન રાખવાનો આગ્રહ કર્યો. તેમના વક્તવ્યમાં તેમણે કેડેટ્સ અને શાળાના વિકાસ માટે તેમની સમર્પિત નિઃસ્વાર્થ સેવા માટે અધિકારીઓ અને કર્મચારીઓની પણ પ્રશંસા કરી હતી.શાળા વતી પ્રિન્સિપાલે મુખ્ય મહેમાનને સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યું હતું. મુખ્ય અતિથિએ કેડેટ્સ અને સ્ટાફ સાથે પણ વાતચીત કરી હતી. આ પ્રસંગે 'ઓબસા' સભ્યો અને પરિવારો સહિતના ઉપસ્થિત રહ્યા હતાં.

# જામનગરમાં મારામારીના કેસમાં તમામ આરોપીઓનો નિર્દોષ છૂટકારો

જામનગર : જામનગરના અતી ચકચાર એવા મારામારીના હુમલા પ્રકરણમાં તમામ આરોપીઓને જામનગર જિલ્લા અદાલતે નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો છે.

આ કેશની હકિકત એવી છે કે, ગઈ તા.૦૭/૦૭/૧૫ નાં રોજ આ કામના ફરીયાદી ભરતસીંહ ભાવસીંહ રાઠોડે પોલીસ સ્ટેશનમાં એવી ફરીયાદ આપેલ કે, આ કામના આરોપી જેન્તીભાઈ નરસીભાઈ ભરડવા,મનસુખ ઉર્ફે મુન્નો નરશીભાઈ ભરડવા સંજયભાઈ નરસીભાઈ ભરડવા.સંજય મોહનભાઈ ચાવડા.સંગીતાબેન નરશીભાઈ ભારતીબેન .જેન્તીભાઈ નરશીભાઈ ભરડવા વિગેરેના ઓ તમામ એકસંપ થઈ ગેરકાયદેસર રીતે મંડળી રચી તિક્ષણ હથીયારો ધારણ કરી ફરીયાદીના ઘર પાસે આવી ફરીયાદીને અમારા ઘરની સામે શું કામ જોવો છો એમ જણાવી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ભુંડી ગાળો આપી ફરીયાદીના બનેવી કાળુભા વિભાજીને માથામાં લોખંડનો પાઈપ મારી આરોપી નં.૨ અને ૩ નાઓ એ લાકડાના ધોકાથી માર મારી આડેધડ માર મારતા હોય જેથી ફરીયાદી પોતાના બનેવીને બચાવવા જતા આ કામના આરોપી નં.૪,૫, અને ૬ વાળાએ તેઓના મકાન ના રવેશ ઉપરથી ફરીયાદી તથા તેમના બનેવી સાહેદ ઉપર મરચાની ભુકી આંખ તથા મોઢા પર છાંટી અને આરોપી નં.૩ વાળાએ ધોકા વડે ફરીયાદીના જમણા પગમાં ગોઢણથી નીચેના ભાગે ધા મારી ફેક્ચર કરેલ હોય તેમજ ડાબા હાથમાં કાંડામાં ફેકચર કરી માર મારેલ હોય જે અંગેની ફરીયાદ જામનગર પોલીસમાં ફરીયાદીએ તમામ આરોપીઓ વિરૂધ્ધ આપેલી હતી.

જે અંગેની ફરીયાદ ફરીયાદી ભરતસીંહ ભાવસીંહ રાઠોડે એ પોલીમાં નોંધાવતા પોલીસે આઈ.પી.સી.કલમ-૩૦૭,૫૦૪, ૫૦૬(૨), ૩૨૫ વિગેરે મુજબ ગુન્હો નોંધી ઉપરોક્ત તમામ આરોપીઓ નં.૧ થી ૬ની અટક કરેલી અને કોર્ટમાં ચાર્જશીટ કરેલ હતી. જે કેશ જમનગરના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ અને સેશન્સ જજ એસ.કે.બક્ષીની કોર્ટમાં ચાલી જતા આરોપીઓના વકીલની ધારદાર દલીલો અને રજુઆતોને તથા ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના ચુકાદાઓને તથા કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લઈ અને આરોપીના વકીલની દલીલોને ગ્રાહય રાખી આરોપીઓનો નિર્દોષ છુટકારો ફરમાવેલ છે. આ કામે આરોપીઓ તરફે વકીલ નિર્મળસિંહ પી. સરવૈયા, હેમલસિંહ બી.પરમાર, બ્રિજેશ એ.ત્રિવેદી, સુમીત કે. વડનગરા તથા ભાવસિંહ જાડેજા, વિવેક વસીયર તથા દિવ્ય ધામેચા રોકાયેલ હતા.

# જામનગરમાં ચેક પરત કેસમાં બે આરોપીને એક-એક વર્ષની સજા

જામનગર : જામનગરની એક સોસાયટીએ એક સભાસદ સામે ચેક પરત ફર્યાની કરેલી ફરિયાદમાં અદાલતે આરોપીને એક વર્ષની કેદની સજા ફટકારી છે. જ્યારે અન્ય એક આસામીને પણ ચેક પરતના કેસમાં એક વર્ષની કેદની સજા આપવામાં આવી છે. બંનેને ચેકની રકમ મુજબનો દંડ ભરવા આદેશ કરાયો છે.

જામનગરની વિવેકાનંદ ક્રેડીટ કો. ઓપ. સોસાયટીના સભાસદ ઠેબા ગામના ગોવિંદભાઈ જીવાભાઈ ઝાપડાએ સોસાયટી પાસેથી લોન મેળવ્યા પછી તેની પરત ચૂકવણી માટે રૂા.૨,૧૮,૮૫૧ નો ચેક આપ્યો હતો. તે ચેક બેંકમાંથી પરત ફર્યો હતો.

ઉપરોક્ત આસામીને સોસાયટીએ નોટીસ પાઠવ્યા પછી પણ લેણું ભરપાઈ કરવામાં ન આવતા કોર્ટમાં ફરિયાદ કરવામાં આવી હતી. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી ગોવિંદભાઈ જીવાભાઈને તક્સીરવાન ઠરાવી એક વર્ષની કેદની સજા અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો છે. સોસાયટી તરફથી વકીલ મિતેશ પટેલ, મણીલાલ કાલસરીયા, ગૌરાંગ મુંજપરા, એચ.એમ. ધામેલીયા, જયદીપ સિંહ જાડેજા રોકાયા હતા.

જામનગરના શંકરટેકરી વિસ્તારમાં ગણેશવાસમાં રહેતા શામજીભાઈ દામજીભાઈ વાઘેલાએ રૂા.૧ લાખ પોતાના મિત્ર હિતેશ તુલસીદાસ વિધાણી પાસેથી હાથઉછીના મેળવી ચેક આપ્યો હતો. તે ચેક બેંકમાંથી પરત ફર્યો હતો. નોટીસ પાઠવ્યા પછી હિતેશભાઈએ અદાલતમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી શામજીભાઈ દામજીભાઈ વાઘેલાને તક્સીરવાન ઠરાવી એક વર્ષની કેદની સજા અને રૂા.૧ લાખનો દંડ ફટકાર્યો છે. દંડ ભરવામાં ન આવે તો વધુ એક મહિનાની કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો છે. સજાના હુકમ સમયે આરોપી હાજર ન હોવાથી તેની સામે વોરંટ કાઢવામાં આવ્યું છે. ફરિયાદી તરફથી વકીલ અશ્વિન બારડ, રોનક જોગલ, મિતુલ મલકાણ રોકાયા હતા.

# જામનગરમાં સોસાયટીના ડીફોલ્ટર સભાસદને ચેક પર કેસમાં ૩ માસની જેલ

જામનગર : જામનગરની સ્વામી વિવેકાનંદ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના સભાસદ ભદ્રેશ મનહર દવેએ સોસાયટીમાંથી લોન લીધલી હતી. આ લોન ભરપાઈ કરવા આરોપીએ ચેક આપેલો હતો. જે ચેક સોસાયટીએ બેંકમાં ડિપોઝીટ કરતાં ચેક રીટર્ન થયો હતો. જેથી સોસાયટીના વકીલ દ્વારા ડિફોલ્ટર સભ્ય સામે નેગોશીએબલ ઈન્સટ્રૂમેન્ટ એક્ટ - ૧૩૮ અન્વયે ફરીયાદ દાખલ કરાવી હતી, અને સમન્સ મળતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થયો હતો. જે કેસ ચાલી જતાં અદાલતે આરોપીને તકસીરવાન ઠરાવી ૩ માસની જેલની સજા તેમજ ચેકની રકમ રૂ ૩૯,૩૫૮ નો દંડ ફટકાર્યો છે.

# જામનગરની કોર્ટેમાં ચેક પરત કેસમા વલસાડના વેપારીને બે વર્ષની સજા

જામનગર : વલસાડના વેપારીએ જામનગરના વેપારીને આપેલો ચેક પરત ફરવાના કેસમા વેપારીને બે વર્ષની સજાનો અદાલતે હુકમ કર્યો છે.

જામનગરમાં ટાર્ગેટ પોલીમર્સ પ્રા. લી.ના નામથી ધંધો કરતા સંદીપ કિશોરભાઈ કેશરીયા કે જેઓ રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના પ્લાસ્ટીક દાણા વેચાણ કરાવાની ડીલરશીપ ધરાવતા છે. તેમની પાસેથી વલસાડ જિલ્લાના પારડીમાં રહેતા વીલાસ નાનુભાઈ પરમાર કે જેઓ શ્રી હરી પ્લાસ્ટ પેકના નામથી ધંધો કરતા હોય. તેઓએ પ્લાસ્ટીક દાણા ખરીદેલ જેની વેચાણ કિંમત ચુકવવા પેટે વીલાસ નાનુભાઈ પરમારે પોતાની પેઢી શ્રી હરી પ્લાસ્ટ પેકના નામનો રૂા. ૩,૩૧,૫૫૯ ની રકમનો ચેક આપ્યો હતો. જે ચેક બેંકમાંથી પરત ફરતા સંદીપભાઈ કેશરીયાએ કોર્ટમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ હેઠળ ફરીયાદ દાખલ કરી હતી. જે કેસ ચીફ જ્યુડી. મેજી. ની કોર્ટમાં ચાલી જતા અદાલતે તમામ પુરાવો ધ્યાને લઈ આરોપી શ્રી હરી પ્લાસ્ટ પેકના પ્રોપરાઈટર વીલાસ નાનુભાઈ પરમારને બે વર્ષની સજાદંડનો હુકમ કર્યો છે. ફરીયાદી તરફે વકીલ તરીકે અશોક ગાંધી રોકાયેલ હતા.

# વૈવાહિક વિવાદનો શાંતિપૂર્ણ રીતે ઉકેલવાના હેતુથી પ્રિલિટીગેશન લોક અદાલત શરૂ

જામનગર : જામનગર જિલ્લા કાનુની સેવા સત્તામંડળ દ્વારા વૈવાહિક વિવાદોને સૌહાર્દ અને શાંતિપૂર્ણ રીતે ઉકેલવાના હેતુથી પ્રિ-લિટીગેશન લોક અદાલત શરૂ કરવામાં આવી છે. આ પહેલ વૈવાહિક સંબંધોમાં ઉદભવતી તકરારો આગળ વધે તે પહેલાં તેને દૂર કરવાનો પ્રયાસ કરે છે. લગ્નજીવનથી ઉદભવતી સમસ્યાો માટે પ્રિ-લિટીગેશન લોક અદાલત જિલ્લાના મુખ્ય મથકે શરૂ કરવામાં આવી છે.

પ્રિ-લિટીગેશન લોક અદાલત પક્ષકારોને તકરાર અંગે કાનુની કાર્યવાહી કરતા પહેલાં શાંતિપૂર્ણ અને અસરકારક નિરાકરણની સુવિધા આપવાનો પ્રયાસ કરે છે. જેમાં કૌટુંબિક કાયદાઓ અને સંઘર્ષ નિવારણ તકનીકોમાં પ્રશિક્ષિત કુશળ મધ્યસ્થીઓનો સમાવેશ કરવામાં આવ્યોછે. બન્ન પક્ષોને તેમની ચિંતાઓ વ્યક્ત કરવા અને પરસ્પર લાભદાગી ઉકેલો તરફ કામ કરવા માટે એક સુરક્ષિત જગ્યા પ્રદાન કરવામાં આવે છે.

સમગ્ર પ્રક્રિયા દરમિયાન ગોપનિયતા જાળવવામાં આવે છે. પક્ષકારો લાંબી અને ખર્ચાળ અદાલતી કાર્યવાળી ટાળી શકે છે. અદાલતમાં પરિવારોને તેમના મતભેદોને ઉકેલવા અને સકારાત્મક રીતે આગળ વધવા માટે સશક્તિકરણ કરવામાં આવશે. વધુ માહિતી માટે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, પ્રથમ માળે, સીવીલ કોર્ટ બિલ્ડીંગ, લાલ બંગલાનો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

# દરેડના બ્રાસપાર્ટના વેપારી સામે થયેલ સજાનો હુકમ યથાવત્ રખાયો

જામનગર : જામનગરના દરેડ જીઆઈડીસીમાં બ્રાસપાર્ટની પેઢી ચલાવતા એક આસામીને રૂા.૧૦ લાખના ચેક પરતના કેસમાં અદાલતે બે વર્ષની કેદ અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો હતો. તે હુકમ સામે આરોપીએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. તે અપીલ માત્ર બાવીસ દિવસમાં નિર્ણિત થઈ છે. અદાલતે નીચેની કોર્ટનો હુકમ યથાવત રાખી આરોપીને સરન્ડર કરવા હુકમ કર્યો છે.

જામનગરમાં દરેડ જીઆઈડીસી ફેસ-૩માં શક્તિ રાજ કોર્પોરેશન નામની બ્રાસપાર્ટની પેઢી ચલાવતા જેનીશ કિરીટભાઈ શેઠ પાસેથી દરેડમાં જ ખીમસીયા સ્ટીલ એન્ડ વાયરના નામથી પેઢી ચલાવતા વિશાલ જયંતિલાલ શાહે રૂા.૧૫ લાખ સંબંધદાવે હાથઉછીના મેળવ્યા હતા.

તે રકમ પરત આપવા માટે વિશાલ શાહે રૂા.૧૦ લાખનો ચેક આપ્યો હતો. તે ચેક બેંકમાંથી અપૂરતા નાણા ભંડોળના કારણે પરત ફર્યો હતો. તેની નોટીસ પાઠવ્યા પછી જેનીશ શેઠે અદાલતમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસ ચાલી જતાં ગયા મહિને અદાલતે આરોપી વિશાલ શાહને તક્સીરવાન ઠરાવી બે વર્ષની કેદની સજા અને ચેકની રકમ મુજબનો દંડ ભરવા હુકમ કર્યો હતો.

ઉપરોક્ત હુકમ સામે આરોપી વિશાલ શાહે સેશન્સ કોર્ટમાં અપીલ નોંધાવી સ્ટેની માગણી કરી હતી. તેની સામે ફરિયાદીના વકીલે દલીલ કરી હતી કે, હુકમના દિવસે આરોપી અદાલતમાં હાજર ન હોવાથી સ્ટે ન આપી શકાય. જ્યારે આરોપી પક્ષે દલીલ કરી હતી કે, ઉપરોક્ત રકમ જેનીશ શેઠ દ્વારા ઈક્મટેક્સ રિટર્નમાં દર્શાવવામાં આવી નથી, નોટીસની બજવણી થઈ નથી. તેની સામે ફરિયાદ પક્ષે કરેલી દલીલો ગ્રાહ્ય રાખી સેશન્સ કોર્ટે આરોપીની અપીલ રદ કરી નીચેની કોર્ટનો સજાનો હુકમ યથાવત રાખ્યો છે અને આરોપીને સરન્ડર કરવા આદેશ કર્યો છે. ફરિયાદી તરફથી વકીલ ઉદયસિંહ ચાવડા, બેનઝીર જુણેજા, કપિલ તીર્થાણી રોકાયા હતા.

# લગ્નના મંડપની જેમ શણગારાયું દેવભૂમિ દ્વારકા જિલ્લાનું મોડેલ મતદાન મથક






દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં લોકસભા બેઠક સામાન્ય ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર જી.ટી.પંડ્યાના નેતૃત્વમાં સમગ્ર ચૂંટણીતંત્ર દ્વારા તડામાર કામગીરી કરી રહ્યું છે.

આ સાથે મતદારોમાં મતદાન માટે ઉત્સાહ વધારવા જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા અનેકવિધ પ્રયાસો કરી રહ્યું છે. નાગરિકો ઉત્સાહથી મતદાન કરવા પ્રેરાય અને તેમને લોકશાહીની પ્રક્રિયામાં મતદાન થકી પોતાની મહત્વની સામેલગીરીનો અહેસાસ થાય તે માટે જિલ્લામાં મોડેલ, યુવા, દિવ્યાંગ મતદાન મથકો મથકો બનાવામાં આવ્યા છે. આ મતદાન મથકોનો માહોલ જ એવો હશે કે કોઈને પણ સામેથી પોતાનો કિંમતી મત આપવા આવવાનું મન થઈ આવે!

એવું જ એક મોડેલ મતદાન મથક ૮૧ ખંભાળિયા વિધાનસભા મત વિસ્તારમાં કજુરડા ગામે તૈયાર કરવામાં આવ્યું છે. મોડેલ મતદાન મથકમાં મતદારોને આવકારવા રેડ કાર્પેટ, પીવાનું પાણી, મતદાન સહાયતા કેન્દ્ર, વેઈટિંગ એરિયા, સેલ્ફી પોઈન્ટ, તેમજ હિટવેવ આગાહીને પગલે છાસ વિતરણ સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. મતદારો મતદાન કરવા પ્રેરાય તે માટે મતદાન બુથ સહિત સમગ્ર પરિસરમાં લગ્નમંડપ જેવું ભવ્ય અને જાજરમાન સુશોભન કરવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લામાં ૧૪ સખી, ૦૨ દિવ્યાંગ, ૦૧ યુવા, ૦૨ મોડેલ સહિત કુલ ૧૯ ખાસ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. આ મતદાન મથકો સુશોભિત હોવાથી જે મતદાન માટે નાગરિકોનો ઉત્સાહ વધારશે.

## દેવભૂમિ દ્વારકાઃ ઘાસચારાના પાકોમાં કાતરાનું સંકલિત વ્યવસ્થાપન કરવા માટે માર્ગદર્શન

દ્વારકા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઘાસચારાના પાકોમાં કાતરા (હેરી કેટરપિલર)નું સંકલિત વ્યવસ્થાપન કરવા માટે જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી દ્વારા નીચે મુજબની બાબતો ધ્યાનમાં રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

ઉનાળામાં ઉંડી ખેડ કરવી તેમજ શેઢા-પાળા પરથી ઘાસ દૂર કરવું. પ્રકાશ પિંજરનો ઉપયોગ કરી કૂદીઓને આકર્ષી નાશ કરવો. લીંબોળીના મીંજનો ભૂકો અથવા લીમડાના પાન ૫૦૦ ગ્રામ (૫% અર્ક) ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ઈન્ડોકઝાકાર્બ ૧૫.૮ ઈસી ૧૦ મિ.લિ. અથવા એમામેક્ટીન બેન્ઝોએટ ૫ એસજી ૪ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છટકાવ કરવો. ઉભા પાકમાં કાતરાનું નુકસાન જોવા મળે તો ક્વિનાલફોસ ૧.૫ ટકા ભૂકી અથવા ક્લોરપાયરીફોસ ૧.૫ ટકા ભુકી ૨૫ કિ.ગ્રા. /હે અથવા થાયોડીકાર્બ ૭૫% વેપા ૧૫ ગ્રામ અથવા ઈન્ડોકઝાકાર્બ ૧૫.૮ ઈસી ૪ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ઉમેરી છટકાવ કરવો. પ્રથમ વરસાદ બાદ ૮ થી ૧૦ દિવસે શેઢાપાળા ઉપર અથવા ઊભા પાકમાં કાતરાનુ - નુકસાન જોવા મળે તો કિવનાલફોસ ૧.૫ ટકા ભૂકી ૨૫ કિ.ગ્રા./હે. પ્રમાણે છંટકાવ કરવુ.

આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી/ખેતી અધિકારી/તાલુકા અમલીકરણ અધિકારી/મદદનીશ ખેતી નિયામક/ જિલ્લા ખેતીવાડી અધિકારી/ નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)/ નાયબ ખેતી નિયામક(તાલીમ)નો સંપર્ક કરવા ઈ. ચા. જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## ખ્વાજા માસુમશા સરકાર તથા હાજી કમાલશા બાબાનું ઉર્ષ



તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : જામસલાયા ખાતે આવેલા સુપ્રસિધ્ધ માસુમશા સરકાર તથા હાજી કમાલશા બાબાનો ઉર્ષ તા. ૧૪ થી ૧૬ મેના રોજ ઉજવવામાં આવશે.

જે અંતર્ગત તા. ૧૪ મેના મંગળવારે હાસમશા પીરની તકરીર તેમજ તા. ૧૫ મેના બુધવારે માસુમશા પીરની તકરીર તથા તા. ૧૬ મેના ગુરૂવારે બપોરે ન્યાઝ તથા સંદલ શરીફનું આયોજન કરવામાં આવેલ છે.

આ ઉપરાંત તા. ૧૬ મેના રાત્રિ યુપીના મશહુર કવ્વાલ જુનૈદ સુલતાની અને મુંબઈના મશહુર કવ્વાલ મુસ્તફા નાઝા વચ્ચે શાનદાર કવ્વાલીનો મુકાબલો થશે. તો આ સમગ્ર આયોજનમાં પધારવા કમિટી તથા સમસ્ત સુન્ની મુસ્લિમ જમાત તરફથી યાદીમાં જણાવાયું છે.

## દેવભૂમિ જિલ્લાનું ગત વર્ષની સાપેક્ષમાં ધો. ૧૨ સા.પ્ર.)નું પરિણામ ૧૪.૧૩ ટકા અને વિ.પ્ર.નું પરિણામ ૧૫.૪૨ ટકા વધ્યુ

દ્વારકા : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન/ સામાન્ય પ્રવાહનું તા. ૦૯/૦૫/ ૨૦૨૪ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના પ્રાપ્ત થયેલા અહેવાલ મુજબ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લાનાં કુલ ૩૪૭ છાત્રોએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૩૦૦ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જેમાં A1 - ૦, છ૨ - ૨૦, B1 - ૫૮, B2 - ૭૬, C1 -૮૬, C2 - ૫૦ વિદ્યાર્થીઓએ ગ્રેડ પ્રાપ્ત કર્યા છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૩માં જિલ્લામાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૭૧.૦૫ ટકા નોંધાયું હતું. વર્ષ ૨૦૨૩ની સાપેક્ષમાં પરિણામમાં ૧૫.૪૨ ટકાનો વધારો થયો છે.

જ્યારે જિલ્લામાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૫.૦૩ ટકા આવ્યુ છે.જિલ્લાનાં કુલ ૩૫૧૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૩૩૪૩ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. જેમાં A1 - ૨૩, A2 - ૫૧૯, B1-૯૩૯, B2 - ૯૮૭, C1- ૬૩૦, C2 - ૨૨૭, વિદ્યાર્થીઓએ ગ્રેડ પ્રાપ્ત કર્યા છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૩માં જિલ્લાનું પરિણામ ૮૦.૯૦ ટકા નોંધાયું હતું. વર્ષ ૨૦૨૩ની સાપેક્ષમાં પરિણામમાં ૧૪.૧૩ ટકાનો વધારો થયો છે.

તમામ છાત્રોને જિલ્લા વહીવટી તંત્ર અને શિક્ષણાધિકારીની કચેરી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# આપણે એ પરંપરાના છીએ જે કોઈને ચીડવતું નથી, પરંતુ જો કોઈ આપણને ચીડવે તો આપણે તેને છોડતા નથી : મોદી

નવીદિલ્હી,

ભારતના બહાદુર યોદ્ધા મહારાણા પ્રતાપની આજે જન્મજયંતિ હતી, જેમણે માતૃભૂમિ અને સ્વાભિમાનની રક્ષા માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કર્યું હતું. તેમના સન્માનમાં આજે દેશભરમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યા હતાં. મહારાણાની બહાદુરીને કારણે જ લગભગ ૫૦૦ વર્ષ પછી પણ તેઓ ભારતના લોકોના હૃદયમાં જીવંત છે. મહારાણાની જન્મજયંતિ પર દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમના સન્માનમાં દેશને એક ઉત્સાહપૂર્ણ સંદેશ જારી કર્યો છે. પીએમએ સ્પષ્ટ કહ્યું કે



આપણે બધા મહારાણાની પરંપરાઓનું પાલન કરનારા લોકો છીએ.

પીએમ મોદીએ મહારાણા પ્રતાપની જન્મજયંતિ પર એક વીડિયો સંદેશ જાહેર કર્યો છે. આ વીડિયોમાં પીએમ મોદીએ કહ્યું- એ નામમાં શું જાદુ હશે, એ વ્યક્તિત્વમાં એવી કઈ શક્તિ છે કે આજે પણ મહારાણા પ્રતાપનું નામ લેતા જ ગુસબમ્પ થઈ જાય છે. તેણે કેવું જીવન જીવ્યું હશે, તેણે પોતાનું જીવન કેવી રીતે વિતાવ્યું હશે કે ૪૦૦ વર્ષ પછી પણ રાણા પ્રતાપના નામનો ઉલ્લેખ કરતાં જ વ્યક્તિ યુવાની અનુભવે છે. તે શક્તિ શું છે, તે જીવનનું બલિદાન શું છે જે આજે પણ આપણને ગૌરવ આપી રહ્યું છે. આગળનો માર્ગ મોકળો. આપણે વિચારવું પડશે કે મહારાણા પ્રતાપનું નામ લેતી વખતે માથું નમાવવાનું શું કારણ છે. આપણે એ પરંપરાના છીએ જે કોઈને ચીડવતું નથી, પરંતુ જો કોઈ આપણને ચીડવે તો આપણે તેને છોડતા નથી. તમે ઘાસની રોટલી ખાઈ શકો છો પરંતુ તમે સ્વાભિમાન સાથે સમાધાન કરી શકતા નથી. મહારાણા પ્રતાપે આપણને આ મૂલ્યો આપ્યા છે.

મહારાણા પ્રતાપ મેવાડના રાણા ઉદય સિંહ અને મહારાણી જયવંતા બાઈના પુત્ર હતા. તેમનો જન્મ ૯ મે ૧૫૪૦ના રોજ કુંભલગઢ કિલ્લામાં થયો હતો. વર્ષ ૧૫૭૨ માં તેમના પિતાના મૃત્યુ પછી, મહારાણા પ્રતાપે મેવાડની ગાદી સંભાળી. આ પછી તે ઘણા વર્ષો સુધી મુઘલો અને અકબરની સેના સામે લડ્યા.

# રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન રામલલાના દર્શને





અયોધ્યા,

કેરળના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાન બુધવારે રામ મંદિર પહોંચ્યા અને ભગવાન રામ સમક્ષ માથું નમાવ્યું. કેરળ રાજભવને ટ્વિટર પર એક પોસ્ટમાં જણાવ્યું કે રાજ્યપાલે રામ મંદિરની મુલાકાત લીધી અને ભગવાન રામના દર્શન કર્યા. રાજ્યપાલે પત્રકારોને જણાવ્યું હતું કે, "હું જાન્યુઆરીમાં બે વખત અયોધ્યા આવ્યો હતો, જે લાગણી તે સમયે હતી તે આજે પણ છે. હું ઘણી વખત અયોધ્યા આવ્યો છું. તે અમારા માટે માત્ર ખુશીની વાત નથી, પરંતુ તે એક આનંદની વાત છે.

# ગોલ્ડી બ્રાર અને બિશ્નોઈ ગેંગના ૧૦ બદમાશો હથિયારો સાથે ઝડપાયા

નવીદિલ્હી,

વિદેશમાં બેઠેલા ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર અને જેલમાં રહેલા લોરેન્સ બિશ્નોઈ તેમના નેટવર્કનો ઉપયોગ કરીને દેશભરમાં કોન્ટ્રાક્ટ કિલિંગ અને ખંડણી સહિતના અન્ય ગુનાઓ કરવાની યોજના ઘડી રહ્યા હતા. ઘણા રાજ્યોમાં શૂટર્સ અને અન્ય બદમાશો માટે વ્યવસ્થા કરવામાં આવી હતી અને હથિયારો પણ આપવામાં આવ્યા હતા. જ્યારે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલને આ વાતની જાણ થઈ ત્યારે ૨૪ એપ્રિલે કેસ નોંધવામાં આવ્યો.

આ પછી, સ્પેશિયલ સેલની ટીમ એક્શનમાં આવી અને રાજસ્થાન, મધ્યપ્રદેશ, પંજાબ, હરિયાણા, યુપી અને બિહાર ઉપરાંત દિલ્હી-એનસીઆરમાં ૨૦ થી વધુ ટીમો મોકલી. ઝડપી દરોડો પાડ્યા પછી, પોલીસે એક સગીર સહિત ૧૦ બદમાશોને પકડ્યા હતા. તેમની પાસેથી સાત પિસ્તોલ, ૩૧ કારતૂસ, ૧૧ ફોન અને અન્ય વસ્તુઓ મળી આવી છે. બદમાશો તેમના માસ્ટરના આદેશની રાહ જોઈ રહ્યા હતા. દરેક વ્યક્તિ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા એકબીજાના સંપર્કમાં હતા.

# મોદી ઉમેદવારી નોંધાવતા પહેલા સોમવારે વારાણસીમાં કરશે ભવ્ય રોડ શો

(જી.એન.એસ) વારાણસી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભા ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવતા પહેલા ૧૩ મેના રોજ તેમના સંસદીય ક્ષેત્ર ઉત્તર પ્રદેશના વારાણસીમાં ભવ્ય રોડ શો કરશે. આ ભવ્ય રોડ શોની શરૂઆત બી એચ યુ ગેટ પર મહામના માલવિયાની પ્રતિમાને પુષ્પાંજલિ આપીને થશે, જે કાશી વિશ્વનાથ ધામ સુધી જશે. તેને વધુ ભવ્ય બનાવવા માટે ભાજપે તૈયારીઓ શરૂ કરી દીધી છે. રોડ શોને ઐતિહાસિક બનાવવા માટે સંગઠન દ્વારા કાર્યકરોની રેકોર્ડ ભાગીદારી માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે. લંકાથી



વિશ્વનાથ ધામ સુધી મોદીના સ્વાગત માટે ૩૦ પોઈન્ટ બનાવવામાં આવ્યા છે. અપના દળ (એસ) સહિત વિવિધ સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ અને સમુદાયોને વડાપ્રધાનના સન્માનની જવાબદારી સોંપવામાં આવી છે. આમાં તમામ સમાજ અને તમામ ધર્મોની ભાગીદારી સામેલ હશે.ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ સુનીલ બંસલે બુધવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના રોડ શોની તૈયારીઓને લઈને વરિષ્ઠ અધિકારીઓ અને જનપ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી. તેમણે કહ્યું કે મોદીના રોડ શોને મેગા શો બનાવવો પડશે. આમાં લઘુચિત્ર ભારતની ઝલક જોવા મળવી જોઈએ. આ એક નવો ટ્રેન્ડ સેટ કરશે. આ અદ્ભુત દ્રશ્ય 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નો સંદેશ આપશે.

# સંદેશખાલીની એક મહિલાએ બળાત્કારનો કેસ પાછો ખેંચી લીધો

(જી.એન.એસ) કોલકાતા,

પશ્ચિમ બંગાળના સંદેશખાલીની ત્રણ મહિલાઓમાંથી એક મહિલાએ ટીએમસી નેતા સામેનો બળાત્કારનો કેસ પાછો ખેંચી લીધો છે.

આ બાબત બંગાળના રાજકારણમાં ગરમાવો લાવી દીધી હતી. ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના શાહજહાં શેખ પર અનેક મહિલાઓનું યૌન શોષણ અને તેમની જમીનો પર કબજો કરવાનો આરોપ હતો. આ મામલે ભાજપે ટીએમસીને ઘેરી લીધી હતી. એટલું જ નહીં, આ મુદ્દો લોકસભા ચૂંટણીમાં પણ રહે છે. આવી સ્થિતિમાં યુ-ટર્ન લેનાર મહિલા ચોંકાવનારી છે. મહિલાએ કહ્યું કે, મારી જાતીય સતામણી કરવામાં આવી નથી. મહિલાએ કહ્યું કે ભાજપના લોકોએ મને સાદા કાગળ પર સહી કરાવી અને પોલીસમાં ફરિયાદ કરી. ફરિયાદ પાછી ખેંચનાર મહિલાએ સંદેશખાલી પોલીસ સ્ટેશનમાં કેસ પણ નોંધાવ્યો છે. આ એફઆઈઆરમાં તેણીએ આરોપ લગાવ્યો છે કે તેણીને ધમકીઓ મળી રહી છે અને તેણી સામાજિક બહિષ્કારનો સામનો કરી રહી છે કારણ કે તેણી તેની ફરિયાદ પાછી ખેંચી રહી છે.

# દેશમાં એક જ નેતા છે જે સાચું બોલે છે તે છે મારા ભાઈ રાહુલ ગાંધી : પ્રિયંકા



નવીદિલ્હી,

પ્રિયંકા ગાંધીએ લાહી બોર્ડર, ભવાનીગઢ ઈન્ટરસેક્શન અને શિવગઢ બ્લોક વિસ્તારના ગુડામાં શેરી બેઠક કરી હતી. તેમણે કહ્યું કે અત્યારે દેશમાં એક જ નેતા છે જે સાચી વાત કરે છે અને તે મારા ભાઈ રાહુલ ગાંધી છે. સાચું બોલવાને કારણે રાહુલ ગાંધીને ઘણી વખત અનેક કેસોનો સામનો કરવો પડ્યો હતો.તેમની સાંસદ સભ્યપદ પણ રદ કરવામાં આવી હતી, પરંતુ મારા ભાઈને ડરાવવામાં આવ્યો ન હતો. તેમણે કહ્યું કે લોકોના દર્દ અને વેદનાને નજીકથી જાણવા માટે તેમણે જમ્મુ-કાશ્મીરથી કન્યાકુમારી સુધી લગભગ ૪૦૦૦ કિલોમીટરની લાંબી સફર કરી.

તેમણે કહ્યું કે ભાજપ સરકાર કંપનીઓનું ખાનગીકરણ કરી રહી છે. ઉદ્યોગપતિઓને ફાયદો થઈ રહ્યો છે. ધર્મના નામે લોકોમાં ભાગલા પાડી રહ્યા છે. ધર્મનું રાજકારણ કરે છે. તેમનાથી દૂર રહેવું પડશે. તેણે કહ્યું કે હું કેટલીક ગેરંટી લઈને આવી છું, જે હું પૂરી કરીશ.

સરકારી નોકરીઓમાં મહિલાઓને ૫૦ ટકા ભાગીદારી મળશે. આંગણવાડી, રસોઈયા અને આશા બહુનું માનદ વેતન બમણું કરવામાં આવશે.

# શ્રીકાંતના કપાળ પર લખેલું છે, મારા પિતા દેશદ્રોહી છે : પ્રિયંકા ચતુર્વેદી

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત ત્રણ તબક્કાની ચૂંટણીઓ પૂર્ણ થઈ ગઈ છે. તે જ સમયે, તમામ રાજકીય પક્ષોના નેતાઓ આગામી ચાર તબક્કાના મતદાન માટે ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. જો કે બીજી તરફ નેતાઓ પણ એકબીજાનું અપમાન કરવામાં હદ વટાવી રહ્યા છે. હવે શિવસેના યુબીટી સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ પણ ખૂબ જ વિવાદાસ્પદ ટિપ્પણી કરી છે. તેણે મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદેના પુત્ર અને લોકસભા સાંસદ શ્રીકાંત શિંદે વિરુદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો છે. પ્રિયંકા ચતુર્વેદીએ



એક જાહેર સભાને સંબોધતા કહ્યું કે શ્રીકાંત શિંદેના કપાળ પર 'મારા પિતા દેશદ્રોહી છે' લખેલું છે. મોડી સાંજે પ્રિયંકા ચતુર્વેદી ઉત્તર મુંબઈના શિવસેના યુબીટીના ઉમેદવાર સંજય દિના પાટિલના સમર્થનમાં એક જાહેર સભાને સંબોધી રહી હતી.

# ટામેટા અને બટાકાના ભાવમાં વધારો થતા શાકાહારી થાળી ૮ ટકા મોંઘી

નવીદિલ્હી,

ડુંગળી, ટામેટા અને બટાકાના ભાવમાં વધારાને કારણે શાકાહારી થાળી ૮ ટકા મોંઘી થઈ છે. ક્રિસિલના અહેવાલ મુજબ, આ વર્ષે એપ્રિલમાં શાકાહારી થાળીની કિંમત ૨૭.૪ રૂપિયા હતી, જે એક વર્ષ અગાઉ સમાન સમયગાળામાં ૨૫.૪૦ રૂપિયા હતી. આ વર્ષે માર્ચમાં તે રૂ. ૨૭.૩ હતો.

જાહેર કરાયેલા ક્રિસિલના રિપોર્ટ અનુસાર, એક વર્ષ પહેલાની સરખામણીએ આ વર્ષે એપ્રિલમાં ડુંગળીના ભાવમાં ૪૧ ટકા, ટામેટાંના ભાવમાં ૪૦ ટકા અને બટાકાના ભાવમાં ૩૮ ટકાનો વધારો થયો છે. રવિ પાક નિષ્ફળ જવાને કારણે ડુંગળીની આવક ઘટી હતી, જેના કારણે ભાવમાં વધારો થયો હતો. પશ્ચિમ બંગાળમાં પણ બટાકાના પાકને નુકસાન થયું



છે. શાકભાજીના ભાવમાં ૨૮ ટકાનો વધારો થયો છે.માંસાહારી થાળી એપ્રિલમાં ૫૮.૯૦ રૂપિયાથી ચાર ટકા સસ્તી થઈ ૫૬.૩ રૂપિયા થઈ ગઈ છે. વાર્ષિક ધોરણે ચિકનના ભાવમાં ૧૨ ટકાનો ઘટાડો થયો છે. જોકે, માર્ચની સરખામણીએ તે ત્રણ ટકા મોંઘું થયું છે.

# IIMIના વડા ઓવૈસી ભાજપ સાથે મળીને કામ કરી રહ્યા છે : પ્રિયંકા ગાંધી



રાયબરેલી,

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધીએ રાયબરેલીના મુન્શીગંજ સ્થિત કિસાન શહીદ સ્મારક ખાતે શ્રદ્ધાંજલિ અર્પણ કરી. તેમણે એઆઈએમઆઈએમના સુપ્રીમો અસદુદ્દીન ઓવૈસી પર પણ નિશાન સાધ્યું અને કહ્યું કે તેઓ ભાજપ સાથે મળીને કામ કરી રહ્યા છે. આપને જણાવી દઈએ કે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને પ્રિયંકાના ભાઈ રાહુલ ગાંધી લોકસભા ચૂંટણીમાં વાયનાડ સીટ તેમજ રાયબરેલી સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે. રાહુલ અને પ્રિયંકાની માતા સોનિયા ગાંધીએ ૨૦૦૪ થી ૨૦૧૯ સુધીની દરેક લોકસભા ચૂંટણીમાં આ સીટ જીતી હતી.

પ્રિયંકાએ જે સ્મારક પર શ્રદ્ધાંજલિ આપી તે સ્મારક ૧૯૨૧માં શહીદ થયેલા સ્વાતંત્ર્ય સેનાનીઓની યાદમાં બનાવવામાં આવ્યું છે. ૧૯૨૦-૨૧ ના અસહકાર ચળવળ દરમિયાન, અવધમાં એક ખેડૂત આંદોલન ફાટી નીકળ્યું હતું, જેનું નેતૃત્વ બાબા રામચંદ્ર અને મદારી પાસીએ કર્યું હતું. આંદોલન દરમિયાન રાયબરેલીના મુન્શીગંજમાં ભયાનક ગોળીબાર થયો હતો. ૭ જાન્યુઆરી, ૧૯૨૧ ના રોજ, ખેડૂતોને સાંઈ નદીના પુલ પર ઘેરી લેવામાં આવ્યા અને ગોળીબાર કરવામાં આવ્યા.

# ગાઝિયાબાદમાં ૨૦ હજાર રૂપિયા માટે દીકરાએ માતા અને ભાઈની હત્યા કરી

## આરોપી ધર્મેન્દ્રને લાગ્યું કે તેની માતા તેને મિલકતમાંથી કાઢી મૂકી શકે છે

ગાઝિયાબાદ,

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. અહીં એક યુવકે તેની માતા અને નાના ભાઈની હત્યા કરી નાખી. આરોપીએ માતા પાસેથી ૨૦ હજાર રૂપિયા માંગ્યા હતા, જે માતાએ આપવાનો ઈન્કાર કરી દીધો હતો, ત્યારબાદ ગુસ્સે ભરાયેલા પુત્રએ માતાની હત્યા કરવાનું વિચાર્યું હતું. હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ ઘટના લોનીના ગુલાબ વાટિકા કોલોનીમાં બની હતી, યશોદા દેવી (ઉંમર ૬૫ વર્ષ) તેમના બે પુત્રો સાથે અહીં રહેતી હતી. યશોદા દેવીનો નાનો પુત્ર વિકલાંગ હતો. મળતી માહિતી મુજબ, મોટા પુત્રનું નામ ધર્મેન્દ્ર છે જ્યારે નાના પુત્રનું નામ બિજેન્દ્ર હતું. ઘરમાં સૂતા હતા ત્યારે માતા યશોદા દેવી અને નાના પુત્ર બિજેન્દ્રની હત્યા કરવામાં આવી હતી. માહિતી મળતા જ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

આ દરમિયાન ધર્મેન્દ્રએ પોલીસને જણાવ્યું કે આ લૂંટ માટે હત્યાનો કેસ છે. આ પછી માહિતી મળતાની સાથે જ પોલીસ ટીમે તપાસ શરૂ કરી પરંતુ સાંજ સુધીમાં સમગ્ર સત્ય પોલીસની સામે આવી ગયું. પોલીસે ધર્મેન્દ્રની કડક પૂછપરછ કરતાં તેણે પોતાના તમામ ગુના કબૂલ કર્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, ધર્મેન્દ્રએ તેની માતા પાસેથી ૨૦ હજાર રૂપિયા માંગ્યા હતા. ધર્મેન્દ્ર પર પહેલાથી જ ૧ લાખ રૂપિયાની લોન હતી, દેવાદારો તેને પૈસા આપવા માટે જીદ કરી રહ્યા હતા, પરંતુ જ્યારે તેને તેની માતા પાસેથી પૈસા ન મળ્યા તો ગુસ્સે ભરાયેલા ધર્મેન્દ્રએ તેની માતાની હત્યા કરવાનું વિચાર્યું.

જ્યારે માતા સૂતી હતી ત્યારે આરોપીઓએ તેને ખાટલાનાં પગથી માર માર્યો હતો. આ દરમિયાન ભાઈ જાગી જતાં આરોપીઓએ તેને પણ માર માર્યો હતો.

# શિકાગોમાંથી વધુ એક ભારતીય વિદ્યાર્થી ગુમ

## ૨ મેના રોજ પિતા સાથે છેલ્લી વાત થઈ હતી

શિકાગો,

અમેરિકાના શિકાગોમાં એક ભારતીય વિદ્યાર્થી ૨ મેથી ગુમ છે. ૨૫ વર્ષીય માસ્ટર્સ સ્ટુડન્ટ રૂપેશ ચંદ્ર ચિંતકીંડીના ગુમ થવાથી તેના હૈદરાબાદ સ્થિત પરિવારને ચિંતા થઈ ગઈ છે અને તેઓ તેને શોધવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે.

અહેવાલ મુજબ, શિકાગોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલ અને સ્થાનિક પોલીસ વિસ્કોન્સિનની કોનકોર્ડિયા યુનિવર્સિટીના માસ્ટરના વિદ્યાર્થી ચિંતકિંડીને શોધવાનો પ્રયાસ કરી રહી છે. શિકાગોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે જણાવ્યું હતું કે, "કોન્સ્યુલેટ એ જાણીને ખૂબ જ ચિંતિત છે કે ભારતીય વિદ્યાર્થી રૂપેશ ચંદ્ર ચિંતકીંડી ૨ મેથી સંપર્કમાં નથી." "તે રૂપેશ સાથે સંપર્ક કરવા/સ્થાપિત કરવાની આશા રાખે છે."

શિકાગો પોલીસે પણ લોકો પાસેથી મદદ માંગી છે અને ૨૫ વર્ષીય ભારતીય વિદ્યાર્થીને શોધવામાં મદદ કરી શકે તેવી કોઈપણ માહિતી માંગી છે. રૂપેશ ચિંતાકિંડીએ તેના પિતા સાથે છેલ્લીવાર ૨ મેના રોજ વાત કરી હતી. "તેમણે કહ્યું કે તે કંઈક કામ કરી રહ્યો છે. પછીથી, હું તેનો સંપર્ક કરી શક્યો નહીં, અને ત્યારથી તે ઓફલાઈન છે."

# વોશિંગ્ટને હજુ સુધીં કોઈ વિશ્વસનીય પુરાવા આપ્યા નથી : પન્નુ કેસમાં રશિયા આવ્યું ભારતના બચાવમાં

નવીદિલ્હી,

ખાલિસ્તાન સમર્થક આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુના મામલામાં રશિયા ભારતના બચાવમાં આવ્યું છે. તેણે પન્નુની હત્યાના પ્રયાસના ષડયંત્રના સંબંધમાં ભારત પર સતત પાયાવિહોણા આરોપો કરવા બદલ અમેરિકાની ટીકા કરી છે. રશિયન વિદેશ મંત્રાલયે આરોપોને ફગાવી દેતા કહ્યું કે વોશિંગ્ટને હજુ સુધી આ મામલામાં ભારતીય નાગરિકોની સંડોવણીના કોઈ વિશ્વસનીય પુરાવા આપ્યા નથી.

રશિયન વિદેશ મંત્રાલયના મારિયા ઝખારોવાએ કહ્યું, 'અમારી પાસે જે માહિતી છે તે મુજબ, પન્નુ નામની વ્યક્તિની હત્યાના પ્રયાસના કાવતરામાં ભારતીય નાગરિકોની સંડોવણી વિશે કોઈ વિશ્વસનીય માહિતી અથવા પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી. પુરાવાની ગેરહાજરીમાં આ વિષય પર અટકળો અસ્વીકાર્ય છે.

ઝખારોવાએ વધુમાં કહ્યું કે અમેરિકા ભારત પર સતત ખોટા આરોપો લગાવી રહ્યું છે. તે ભારતની રાષ્ટ્રીય માનસિકતા અને ઈતિહાસને સમજી શકતો નથી. કારણ કે અમેરિકા ધાર્મિક સ્વતંત્રતા અંગે પાયાવિહોણા આક્ષેપો કરતું રહે છે. વોશિંગ્ટનની કાર્યવાહી સ્પષ્ટપણે ભારતની આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ છે. જ્યાં સુધી પન્નુની હત્યાના કાવતરાની અટકળોનો સંબંધ છે, કારણ કે કોઈ પુરાવા નથી, તે સ્વીકાર્ય નથી. અમેરિકા ભારતને એક દેશ તરીકે માન આપી રહ્યું નથી.

તેમણે કહ્યું કે ધાર્મિક સ્વતંત્રતાનું ઉલ્લંઘન અમેરિકાની ભારતની રાષ્ટ્રીય માનસિકતાની નબળી સમજણ અને એક સાર્વભૌમ દેશ તરીકે ભારતનો અનાદર દર્શાવે છે. રશિયન અધિકારીએ અન્ય કેટલાક દેશો સામે ખોટા આરોપો કરવા બદલ યુએસની ટીકા કરી હતી.

# અબ્બા માટે ઉમેશ પાલને મારવો જરૂરી બની ગયો : અતીકના પુત્ર ઓમરે જેલમાં ખુલાસો કર્યો

પ્રયાગરાજ,

પ્રયાગરાજમાં ઉમેશ પાલ અને બે સરકારી ગનર્સની હત્યા માફિયા અતીક અહેમદના મોટા પુત્ર ઉમર અહેમદની જાણથી કરવામાં આવી હતી. હત્યાકાંડ પહેલા એન્કાઉન્ટરમાં માર્યા ગયેલા અતીકનો પુત્ર અસદ, ગુડ્ડુ મુસ્લિમ અને સદાકત લખનૌ જેલમાં તેને મળવા આવ્યા હતા. તેણે ઉમરને હત્યાકાંડની આખી યોજના જણાવી હતી. ઉમરે પોલીસને આપેલા નિવેદનમાં પણ આ વાત સ્વીકારી છે. લખનૌ જેલમાં પોલીસ દ્વારા નોંધાયેલા નિવેદનમાં ઉમરે પોલીસને જણાવ્યું હતું કે ઉમેશ પાલના કારણે અબ્બાને ખૂબ જ તકલીફ પડી રહી હતી અને ઉમેશની સતત વકીલાતને કારણે તેના જામીન પણ ફગાવવામાં આવી રહ્યા હતા. તેણે કહ્યું કે જે લોકો અબ્બા સાથે સંબંધિત રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલા હતા તેઓ પણ તેમનાથી દૂર થઈ ગયા હતા અને ઉમેશ પાસે ગયા હતા, જેના કારણે અબ્બા ઉમેશને મારવા માંગતા હતા અને કોઈએ તેમને અટકાવ્યા ન હતા.તમને જણાવી દઈએ કે માફિયા અતીક અહેમદે સૌથી પહેલા પોતાના મોટા પુત્રને પોતાના કાળા ધંધામાં સામેલ કર્યો હતો. વાસ્તવમાં અતીકનો મોટો દીકરો ઉમર નોઈડામાં એલએલબી કરી રહ્યો હતો. તેના પિતા જેલમાં ગયા પછી ઉમરે અતીકના બિલ્ડરો સાથે વ્યવહાર શરૂ કર્યો. દરમિયાન, વર્ષ ૨૦૧૮ માં, અતીકે તેના પુત્ર ઉમર અને અન્ય સાગરિતો સાથે મળીને બિલ્ડર મોહિત જયસ્વાલનું અપહરણ કર્યું હતું અને દેવરિયા જેલમાં તેને ઊંધો લટકાવીને તેની હત્યા કરી હતી.

# જામનગરમાં મંજૂરી વગર પાણીનો બોર કરતી વખતે ગેસની લાઈન ડેમેજ થતા ફુવારા ઉડતા દોડધામ


તસવીર: સુનિલ ચુડાસમા

## ૭,૦૦૦ જેટલા ગેસજોડાણ ગ્રાહકોને અસર થતા ગેસ એજન્સીની ટીમ દ્વારા મરામત કરી લઈ લીકેજ દૂર કરી લેવાયુ : બોરવેલના કર્મચારીઓ અને દુકાનદાર નાશી જતા એસ્ટેટ શાખાએ સામગ્રી જપ્ત કરી

જામનગર : જામનગરમાં હિંમતનગર રોડ પર એક દુકાનદાર દ્વારા જાહેર રોડ પર ખોદ કામ કરીને પાણીનો બોર કરવામાં આવી રહ્યો હતો. દરમિયાન નીચેથી પસાર થતી ગુજરાત ગેસની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતાં બોરવેલ માંથી એકાએક ગેસના ફુવારા ઉડયા હતા, અને દુકાનદાર તેમજ બોરવેલ કંપનીનો સ્ટાફ પલાયન થયો હતો. આ ઘટના બાદ ગેસ લીકેજ થવાના કારણે અનેક ગેસજોડાણ ધારકોને અસર થઈ હતી, અને ગેસ એજન્સીની ટુકડી દોડી જઈ યુદ્ધના ધોરણે મરામતની કામગીરી પૂર્ણ કરી લીધી હતી.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં હિંમતનગર કોલોની રોડ પર એક દુકાનદાર દ્વારા પોતાના દુકાનના દરવાજા પાસે ગઈકાલે પાણીનો બોર કરવા માટે કોઈપણ પ્રકારની મંજૂરી લીધા વગર પાણીનો બોર કરવાની કાર્યવાહી શરૂ કરાવ્યું હતું. અને

બોર કરતી વખતે એકાએક નીચેથી પસાર થતી ગુજરાત ગેસની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું હતું, અને બોરવેલમાંથી એકાએક ગેસના ફુવારા ઉડયા હતા. જે ઘટનાને લઈને દુકાનદાર તેમજ બોરવેલ સંચાલકનો સ્ટાફ વગેરે અડધું કામ મૂકીને ભાગી છૂટયા હતા. આ ઘટનાને કારણે ગુજરાત ગેસ કંપનીના અંદાજે ૭૦૦૦ ગ્રાહકોને અસર થઈ હતી.

જે ઘટનાની જાણ થવાથી ગેસ એજન્સીનો સ્ટાફ બનાવના સ્થળે દોડી આવ્યો હતો, અને સૌ પ્રથમ પાઈપલાઈન માંથી પસાર થતો ગેસ બંધ કરી દઈ યુદ્ધના ધોરણે મરામતની કામગીરી પૂર્ણ કરી લઈ ગેસ લીકેજને બંધ કર્યો હતો. આ બનાવની જાણ થતાં જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાના અધિકારી સુનિલભાઈ ભાનુશાલી, યુવરાજસિંહ ઝાલા, અનવરભાઈ ગજણ વગેરે પણ ઘટના સ્થળે દોડી ગયા હતા, અને બોરવેલ કંપનીનો કેટલોક માલ સામાન સ્થળ પર પડેલો હતો, જે જપ્ત કરી લઈ મહાનગરપાલિકાની કચેરીમાં જમા કરાવી દીધો છે, અને દુકાનદાર તેમજ બોરવેલના સંચાલકોને બોલાવી લઈ ગેસ એજન્સીને થયેલી નુકસાનીની વસુલાત માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### વર્ષો જુનું બાંધકામ હોવાથી છેલ્લા દસ વર્ષથી ભોગ ભંડાર જર્જરીત હતો

# ભોગ ભંડારના નવનિર્માણ માટે આર્કિયોલોજી વિભાગ દ્વારા આખરે દેવસ્થાન સમિતિને મંજૂરી

### દેવસ્થાન સમિતિ દ્વારા જર્જરીત ભોગ ભંડાર ધસવાનું કામ શરૂ કરાયુ : ટૂંક સમયમાં ભૂમિપૂજન કરાશે


તસવીર: રાકેશ સામાણી

દ્વારકા : યાત્રાધામ દ્વારકાના જગત મંદિરના ભોગ ભંડારની છેલ્લા અંદાજીત દસ વર્ષ ઉપરાંત જર્જરીત હાલત જોવા મલતું હતું. જે ભોગ ભંડારમાં દરરોજ દ્વારકાધીશજીને દિવસ દરમિયાન ધરાવવાતા અગિયાર જેટલા તેમજ છપ્પનભોગ, અન્નકોટ મનોરથ, કુંડલાભોગ કુડ વારા મનોરથ જેવા વિવિધ પ્રકારના ભોગ પ્રસાદો ભોગ ભંડારમાં બનાવામાં આવે છે. ભોગ ભંડારમાં અંદાજીત ૧૦૦ થી ૧૨૦ પુજારી પરિવારની મહિલાઓ તેમજ વૈષ્ણવ લોકો ભોગ ભંડારના ઠાકોરજીના ભોગ પ્રસાદ બનાવતા હોય છે.

જે ભોગ ભંડારના રૂમો અંદાજીત છેલ્લા દસ વર્ષ ઉપરાત થી જર્જરીત હાલમાં હોવાથી ત્યા પ્રસાદ બનાવતા વ્યતિઓ માટે ભોગભંડાર જોખમી પણ બન્યુ હતું. થોડા મહિનાઓ પહેલા પંદર થી વીસ ફુટ ઉચાઈથી એક મોટો પથ્થર નીચે પડતા સદનસીબે જાનહાની પણ ટળી હતી. ત્યારબાદ તાત્કાલીક ભોગ ભંડારમાં નવુ બાંધકામ કરવા દેવસ્થાન સમિતી દ્વારા આર્કોલોજી ડીપારમેન્ટ પાસે જર્જરીત ભોગ ભંડાર નવનિર્માણ કરવા મંજુરી માંગી હતી. અગાવ પણ અનેક વખત મંજુરી મંગાઈ હતી.

હાલ આર્કોલોજીની વડોદરા સ્થિત ઓફિસેથી ભોગભંડાર નવનિર્મીત માટે મંજુરી મલતા દેવસ્થાન સમિતી દ્વારા જર્જરીત ભોગ ભંડાર ધસી પાડવા કામ હાથ ધરાયું છે. ટુક સમયમાં પુજારી પરીવાર તેમજ સમિતી દ્વારા નવનિર્મીત ભોગ ભંડારનું ભુંમી પુજન કરવામાં આવનાર હોવાનું જાણવા મલ્યુ છે.

### જામનગર શહેરમાં વ્યાજખોરોનો ફરી ઉપદ્રવ : બેફામ માર માર્યાનો ૩ સામે ગુનો

# જામનગરમાં કડિયા યુવાન અને તેના મિત્ર પર હિચકારો હુમલો

## ૧૦ હજારના ૨૪ હજાર ચૂકવ્યા છતાં વધુ વ્યાજની માંગણીની ફરિયાદ નોંધાવાઈ

જામનગર : જામનગરમાં શાંતિનગર વિસ્તારમાં રહેતા અને કડિયા કામ કરતા એક યુવાને પોતાની પાસેથી ૧૦ ટકા લેખે રાક્ષસી વ્યાજ વસુલી લીધા પછી વધુ વ્યાજ ની રકમ કઢાવવા માટે પોતાને તથા પોતાના મિત્રને માર મારવા અંગે રાંદલ નગરમાં રહેતા એક વ્યાજખોર શખ્સ અને તેના બે સાગરીતો સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગેરકાયદે નાણાં ધીરધાર અંગે ગુનો નોધ્યો છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં શાંતિનગર શેરી નંબર-૨ માં રહેતા અને કડિયા કામ કરતા વિશાલ રણછોડભાઈ ડાભી નામના ૨૭ વર્ષના યુવાનને પૈસાની જરૂરિયાત હોવાથી રાંદલ નગર વિસ્તારમાં રહેતા યુવરાજસિંહ જાડેજા નામના શખ્સ પાસેથી ૧૦,૦૦૦ રૂપિયા ૧૦ ટકા લેખે વ્યાજથી લીધા હતા.

જેનું કટકે કટકે ૨૪,૦૦૦ રૂપિયા વ્યાજ ચૂકવી દીધું હતું, તેમ છતાં યુવરાજસિંહ જાડેજા દ્વારા વધુ પૈસા કઢાવવા માટે ધમકી અપાતી હતી, જેથી વિશાલે વધુ પૈસા આપવાનો ઈનકાર કર્યો હતો.

દરમિયાન વિશાલ અને તેનો મિત્ર વિપુલ કે જેઓ ગઈકાલે મેહુલ પાર્ક વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, દરમિયાન યુવરાજસિંહ જાડેજા તેના બે સાગરીતો સાથે ધસી આવ્યો હતો, અને વિશાલ અને તેના મિત્રપર હુમલો કરી દીધો હતો, અને વધુ વ્યાજ ના પૈસા નહીં આપે તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

જે સમગ્ર મામલો સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે, અને પોલીસે વિશાલ ડાભીની ફરિયાદના આધારે યુવરાજસિંહ જાડેજા અને તેના બે સાગરીતો સામે હુમલા અંગેની તેમજ ગેરકાયદે નાણા ધીરધાર કરવા અંગે ગુનો નોંધ્યો છે, અને આરોપીઓને પકડવા માટેની કવાયત શરૂ કરી છે.

# દ્વારકાના ગોમતી કાંઠે દસ બાર ફુટ ઉચા મોજા ઉછળ્યા

## દરિયામાં આખરના પાણીનો કરંટ શરૂ થયો : ઘાટ પરથી પાણીના વહેણ વહયા


તસવીર: રાકેશ સામાણી

દ્વારકા : દ્વારકાના સમુદ્રમાં આખરની ભરતી નો કરંટ શરૂ થય ગયો છે. સમુદ્રમાં આખરની ભરતીના કારણે ગોમતી કાઠે દસ બાર ફુટ જેટલા ઉંચા મોજા ઉછળી રહ્યા છે. ભરતી સમયે ઘાટ ઉપરથી પાણીના વહેણ જઈ રહ્યા છે. યાત્રિકો ઘાટ પર બેસી દરિયાઈ મોજાની મોજ માણી રહ્યા તસવીરમાં કેદ થયા. આખરની ભરતીમાં ગોમતી નદીમાં કોઈ અનિર્છીય બનાવો ન બને તે માટે રેસ્કયુટીમ તેમજ સિક્યુરેટી ખડેપડે રહે તેવી માંગ ઉઠી છે.

# જામનગર જિલ્લામાં તા.૧૪મેના રોજ કમોસમી વરસાદની આગાહી

## તકેદારીના ભાગરૂપે એપીએમસી તેમજ ખેડૂતોએ ખેત-જણસોનો જથ્થો સલામત સ્થળે રાખવા જરૂરી



જામનગર : આઈએમડી અમદાવાદના વેધર ફોરકાસ્ટ બુલેટિનની સૂચના મુજબ તા.૧૪-૦૫-૨૦૨૪ના રોજ જામનગર જિલ્લામાં કમોસમી વરસાદ પાડવાની સંભાવના હોય જામનગર જિલ્લાના ખેડૂતોએ શાકભાજી તેમજ બાગાયતી પાકોને ઉતારી લેવા તથા તૈયાર ખેત પેદાશો, ઘાસચારો સલામત સ્થળે રાખવા અને એપીએમસી, ખરીદ કેન્દ્ર તેમજ અન્ય ગોડાઉનો ખાતે ખેત-જણસોના જથ્થાને સલામત સ્થળે રાખવા અને નુકશાન ન થાય તે રીતે રાખવા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ જામનગર દ્વારા તકેદારીના ભાગરૂપે યોગ્ય પગલાં લેવા એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# લાલપુર તાલુકાના ગ્રામ્ય પંથકમાં ખનીજ ચોરી અટકાવવા તંત્ર આવ્યું હરકતમાં

## મામલતદાર સહિતની ટીમ દ્વારા જુદા જુદા વિસ્તારોમાં સ્થળ તપાસણી કરવામાં આવતા ખનીજ ચોરોમાં ફફડાટ

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ખનીજ ચોરી અટકાવવા બાબતે તંત્ર એલર્ટ બન્યું હતું, અને લાલપુરના મામલતદાર સહિતની ટીમ દ્વારા જુદા જુદા વિસ્તારમાં ખનીજ ચોરી અંગે તપાસણી શરૂ કરાતાં ખનીજ ચોરોમાં દોડધામ થઈ છે.



લાલપુરના મામલતદાર કેતન ચાવડા, નાયબ મામલતદાર નિલેશ બાવરીયા, ઉપરાંત હિતેશ પરમાર અને ડી. એન. ઝાલા સહિતના અધિકારીઓની ટીમ દ્વારા લાલપુર તાલુકાના જુદાજુદા ગ્રામ્ય વિસ્તારોમાં, કે જ્યાં લીઝની જગ્યામાં ખોદકામ ચાલી રહ્યું છે, તે તમામ સ્થળો પર ચકાસણી હાથ ધરવામાં આવી હતી, અને ખનીજ માટે મંજૂર કરાયેલી લિઝ તેમજ રોયલ્ટી અને તેને લગતા ડોક્યુમેન્ટ વગેરેની ચકાસણી બાબતે સઘન તપાસણી કરવામાં આવી હતી, જેને લઈને ખનીજચોરોમાં ભારે ફફડાટ મચી ગયો છે. સમગ્ર ટીમ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે, અને તેનો રિપોર્ટ તૈયાર કરીને ખાણ ખનીજ વિભાગને મોકલવામાં આવી રહ્યો છે.

# જામનગર તાલુકાના સચાણા ગામમાંથી ડિગ્રી વગરનો બોગસ તબીબ પકડાયો

જામનગર : જામનગર તાલુકાના સચાણા ગામમાં એક બોગસ તબીબ પોતાની પાસે કોઈપણ પ્રકારની ડીગ્રી ન હોવા છતાં મેડિકલ પ્રેક્ટિસ કરતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી બોગસ તબીબ ની અટકાયત કરી લીધી છે,

જામનગર તાલુકાના સચાણા ગામમાં મચ્છી પીઠમાં એક ભાડાના મકાનમાં ખાનગી દવાખાનુ ચાલી રહયું છે, અને તે દવાખાના માં એક બોગસ તબીબ મેડિકલ પ્રેક્ટિસ કરી રહ્યા છે, તેવી ચોક્કસ બાતમી પોલીસને મળતાં પંચકોશી બી. ડિવિઝનના પોલીસ સ્ટાફે ઉપરોક્ત દવાખાના પર દરોડો પાડયો હતો. જ્યાં હાજર રહેલા તબીબને તેની ડિગ્રી વગેરેની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ ઈસ્માઈલ આલમ શેખ અને પોતે મૂળ ઉત્તર પ્રદેશ નો વતની હોવાનું જણાવ્યું હતું.

જેણે પોતાની પાસે કોઈ પણ પ્રકારની ડિગ્રી ન હોવાનું જણાવતાં પોલીસે તેની ગેરકાયદે મેડિકલ પ્રેક્ટિસ કરવા સબબ અટકાયત કરી લઈ તેની સામે પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં ગુન્હો દાખલ કરાવ્યો છે, જ્યારે તેના દવાખાનામાંથી જરૂરી દવાઓનો જથ્થો તથા મેડિકલ પ્રેક્ટિસ ના સાધનો સહિતનું સાહિત્ય કબજે કરી લીધું છે.

# ઓખામાં મહિલાના ઉપર દુષ્કર્મ ગુજારી મારી નાખવાની ધમકી સબબ ચાર સામે ફરિયાદ

## ભોગગ્રસ્તને મોરબી લઈ જઈ કૂકર્મ આચર્યું : આરોપી માતા-પુત્રની અટક

ખંભાળિયા : ઓખા મંડળમાં રહેતા એક મહિલાને ગાંધીનગરી ભુંગા ખાતે રહેતા નાશીરઅલી તયબ બોલીમ નામના શખ્સે પ્રેમ જાળમાં ફસાવી અને લગ્ન કરવાની લાલચ આપી, તેણીની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. આ ઉપરાંત આરોપી નાશીરઅલી અને તેણીના માતા નુરજાન તયબ બોલીમએ પણ તેણીના પુત્ર નાસીર સાથે લગ્ન કરવાનું માંગુ નાખતા ફરિયાદી મહિલાએ આની ના પાડી દીધી હતી.

ત્યાર બાદ ઉપરોક્ત માતા-પુત્રએ તેણીને પોતાના ઘરે બોલાવી અને લગ્ન કરવા દબાણ કરી અને જો તેણી લગ્ન નહીં કરે તો બદનામ કરવાની તેમજ પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આટલું જ નહીં, તેણીને ડરાવતા અન્ય આરોપીઓ શાબીર કાદરમીયા હુશેન સૈયદ (રહે. મૂળ ઓખા, હાલ મોરબી) અને કાજલ ઉર્ફે આરજુ શાબીર કાદરમીયા હુસેન દ્વારા ફરિયાદી મહિલાની મરજી વિરુદ્ધ તેના ઘરેથી મોરબી લઈ જઈ અને અહીં આરોપી નાશીરઅલી બોલીમએ તેણીની મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધી અને દુષ્કર્મ ગુજારવા ઉપરાંત તેણીને લગ્ન કરવા માટેનું દબાણ કર્યાની તથા જો આ બાબતે કોઈને જાણ કરશે તો તેણીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ ભોગ બનનાર મહિલા દ્વારા ઓખા મરીન પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

જે અંગે પોલીસે મહિલાઓ સહિત તમામ ચાર શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૩૭૬, ૩૬૬, ૩૪, ૫૦૬ (૨) વિગેરે મુજબ ગુનો નોંધી, આરોપી નાશીરઅલી તયબ અને નૂરજાન તયબ બોલીમની અટકાયત કરી, આગળની તપાસ પી.એસ.આઈ. આર. આર. આર. ઝરૂ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં બાઈક પર જઈ રહેલા બુઝુર્ગને ચક્કર આવતા પટકાઈ જવાથી મૃત્યુ

## શહેરના ગુલાબનગર વિસ્તારનો બનાવ

જામનગર : જામનગરમાં ગુલાબ નગર વિસ્તારમાંથી બાઈક લઈને જઈ રહેલા બુઝુર્ગને એકાએક ચક્કર આવતા નીચે પટકાઈ પડ્યા હતા, અને તેઓનું મૃત્યુ નિપજયાનો બનાવ પોલીસમાં નોંધાયો છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં સત્યમ કોલોની વિસ્તારમાં રહેતા અમૃતલાલ સવજીભાઈ ધારવીયા નામના ૭૦ વર્ષના બુઝુર્ગ ગઈકાલે સાંજે પાંચેક વાગ્યા અરસામાં પોતાનું બાઈક લઈને ગુલાબનગર વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. જે દરમિયાન તેઓને એકાએક ચાલુ બાઈકમાં ચક્કર આવતાં નીચે પટકાઈ પડ્યા હતા, જેથી તેઓને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેઓનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃતકના નાનાભાઈ કરસનભાઈ સવજીભાઈ ધારવીયાએ પોલીસને જાણ કરતાં સીટી બી. ડિવિઝન પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં ભાજપ દ્વારા કોંગ્રેસના સામ પિત્રોડા સામે વિરોધ પ્રદર્શન, પૂતળા દહન



તસવીર: સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેર જિલ્લા ભાજપ દ્વારા વિદેશીની ધરતી પરથી કોંગ્રેસના અગ્રણી દ્વારા કરવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદનનો વિરોધ કરવામાં આવ્યો હતો, અને શામ પિત્રોડાના પૂતળાનું જાહેરમાં દહન કરવામાં આવ્યું હતું.

કોંગ્રેસ અગ્રણી સામ પિત્રોડાના શરમજનક નિવેદન સામે ગઈકાલે જામનગર શહેર-જિલ્લા ભાજપ દ્વારા સામ પિત્રોડાના પૂતળાનું દહન કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જિલ્લા ભાજપ કાર્યાલય અટલ ભવન પાસે પૂતળા દહન કરી કોંગ્રેસ હાય હાયના નારા લગાવામા આવ્યા હતા. જેમાં ભાજપના શહેર પ્રમુખ ડો. વિમલભાઈ કગથરા, જિલ્લા પ્રમુખ રમેશભાઈ મૂંગરા, ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, મેયર વિનોદભાઈ ખીમસુર્યા, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, શાસક જૂથના નેતા આશિષ જોષી, દંડક કેતન નાખવા સહિતના ભાજપના આગેવાન, કાર્યકરો જોડાયા હતા.